Wednesday 14, May 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૦૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

સરકારી જગ્યામાં મકાનનું દબાણ હટાવવાના મુદ્દે પોલીસ સાથે ઘર્ષણ બાદ

## વલસાડ કચીગામમાં શરીર પર કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ : પોલીસે ધરપકડ કરી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૩ :** વલસાડમાં કચીગામમાં આવેલી સરકારી જગ્યામાં ગેરકાયદેસર રીતે દબાણ કરતાં પંચાયતે વારંવાર નોટિસ ફટકાર્યા તેમ છતાં કબજો ખાલી નહીં કરતા આજ રોજ પંચાયત દ્વારા અને પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી જઈ મકાનનું ઘેર કાયદેસર દબાણ દૂર કરવા જતા ઘરના સભ્ય સાથે પોલીસનું ઘર્ષણ થયા બાદ ઈસમે શરીરને કેરોસીન નાખતા પોલીસે તેની ધરપકડ કરી છે.

વલસાડ તાલુકાના કચીગામે ગામે નિશાળ ફળિયામાં આવેલી સરકારી જગ્યામાં એક પરિવારનો સભ્યો છેલ્લા પાંચ વર્ષથી કબજો કર્યો હતો. પંચાયત દ્વારા મકાન માલિકને સરકારી જગ્યામા પાણી બાંધેલ ગેરકાયદેસર મકાન તોડી નાંખવા માટે વારંવાર નોટિસ આપવામાં આવી હતી. તેમ છતાં આ પરિવારે કબજો ખાલી કર્યો ન હતો જેથી આજરોજ પંચાયત સરપંચે પોલીસ પ્રોટકશન સાથે બુલડોઝર લઈ દબાણ દૂર કરવા જતા ઘરના પરિવાર સાથે પોલીસનું ભારે ઘર્ષણ થયું હતું. જોકે પરિવારના સભ્યએ પોતાના શરીર પર કેલ્શિયમ નાખી આપતો હત્યા કરવાની કોશિશ કરે તે પહેલા જ પોલીસે તેની અટક કરી સરકારી કામમાં રૂકાવટ કરવાનો પ્રયત્ન કરતા તેની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જોકે સરપંચ તેના સભ્યો સાથે ગામના સરકારી જગ્યામાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

## નવસારીમાં લાંચ લેતા કોન્સ્ટેબલ ઝડપાયો

**બીલીમોરા, તા.૧૩ :** નવસારી માંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસ વિભાગના બે કર્મચારીઓ એસીબીના સંકજામાં ફસાયા હતાં. સુરત એસીબી દ્વારા છટકાનું આયોજન કરાયું હતું જેમાં જીઆઈડીસી પોલીસ ચોકી નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના ચિરાગકુમાર રાઠોડને ૪૦ હજારની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડ્યો હતાં. ફરીયાદીનું નામ પ્રોહીબિશનના ગુનામાં આરોપી તરીકે હોય જેણે નામદાર કોર્ટમાંથી આગોતરા જામીન મેળવ્યા હતા જે હુકમ મુજબ અટક કરી જામીન મુક્ત કરવાની કાર્યવાહી કરવાના અવેજ પેટે આ લાંચ માંગવામાં આવી હતી. ફરીયાદી દ્વારા એસીબી ને જાણ કરતા સુરત એસીબી દ્વારા છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં નવસારી રૂરલ પોલીસ સ્ટેશનના પહેલા માળે કોમ્પ્યુટર રૂમમાં ૪૦ હજાર રૂપિયાની લાંચ લેતા પોલીસ કોન્સ્ટેબલ ચિરાગ રાઠોડ રંગેહાથે ઝડપાઈ ગયો હતો અને આરોપી નં.૧ પીએસઆઈ અમૃતભાઈ વસાવા સ્થળ ઉપર મળી આવેલ ન હતાં.




Congratulations to Damanganga Times On the occasion of the 28th Foundation day






દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## દાનહમાં મહારાષ્ટ્ર બોર્ડના ધો.૧૦ના પરિણામોમાં ૧૪ ટકાનો વધારો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સેલવાસ, તા.૧૩ :** મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક શિક્ષા બોર્ડ દ્વારા ધોરણ ૧૦ના જાહેર કરાયેલ પરિણામમાં દાદરા અને નગર હવેલીના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર પ્રદર્શન કર્યુ છે. જિલ્લામાં કુલ પરિણામમાં ગયા વર્ષે તુલનાએ ૧૪ ટકાની વધારો જોવા મળ્યો છે, જયારે સરકારી શાળાઓમાં આ વધારો ૧૮ ટકા જેટલો નોંધાયો છે, જે અત્યંત સરાહનીય છે.

શાસક મહોદયના માર્ગદર્શન હેઠળ જિલ્લા શૈક્ષણિક ક્ષેત્રે સતત સુધારાની દિશામાં આગળ વધી રહ્યો છે. આ વર્ષે મહારાષ્ટ્ર તેમજ ગુજરાત બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. જેને કારણે યુનિયન ટેરિટરીના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસના નવનવા દરવાજા ખુલ્યા છે.

મહારાષ્ટ્ર બોર્ડની ધોરણ ૧૦ની પરીક્ષામાં કુલ ૯૧૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા, જેમાંથી ૮૭૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને ફક્ત ૩૬ વિદ્યાર્થીઓ નાપાસ રહ્યા છે. નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષાથી પાસ થવાનો વધુ એક મોકો મળશે. ટોચના વિદ્યાર્થીઓએ -દેશનું નામ રોશન કર્યુ. ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ, ટોકરખાડા (મરાઠી માધ્યમ)ના વિદ્યાર્થી ઓંકાર શંકર શીરાલકરે ૯૩.૪૦ ટકા મેળવીને જિલ્લામાં પ્રથમ ક્રમ મેળવ્યો. ગવર્નમેન્ટ હાયર સેકન્ડરી સ્કૂલ, ખેરેડીની વિદ્યાર્થીની સારિકા સુંદર શેદાદે ૯૨.૪૦ ટકા સાથે દ્વિતીય સ્થાન હાંસલ કર્યુ. જયારે 'ટોકરખાડા (મરાઠી માધ્યમ)'ના વિદ્યાર્થી દર્શન અમૃત પાટીલે ૯૧ મેળવી તૃતીય સ્થાન મેળવ્યુ. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે દાદરા નગર હવેલીના આ પરિણામોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જિલ્લા હવે શિક્ષણ ક્ષેત્રે સક્રિય અને સ્પર્ધાત્મક બની રહ્યો છે.

## રાતાની સારસ્વત સ્કૂલનું સીબીએસઈ બોર્ડનું ધો.૧૨નું પરિણામ જાહેર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૩ :** સીબીએસઈ બોર્ડ દ્વારા માર્ચ - ૨૦૨૫માં ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની લેવાયેલી પરીક્ષાનું આજે જાહેર થયેલા પરિણામમાં વાપી નજીકના રાતા ગામે આવેલ સારસ્વત ઈન્ટરનેશનલ એકેડમીનું ૯૧.૦૪ પરિણામ આવ્યું છે. શાળામાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમે વૃતિ કાનપરીયા ૯૫.૦૦ ટકા, દ્વિતીય ક્રમે આયુષ પટેલ ૯૨.૦૦ ટકા, તૃતીય ક્રમે અપુર્વ પાટીલ ૮૮.૦૦ ટકા મેળવેલ છે. બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરવા બદલ શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીએ છીએ. જયારે સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે યશવી પટેલ ૯૪.૪૦ ટકા, દ્વિતીય ક્રમે રિધ્ધિ પાટીલ ૮૯.૪૦ ટકા, તૃતીય ક્રમે હિયા આહીર ૮૭.૮૦ ટકા મેળવેલ છે. બોર્ડની પરીક્ષામાં સારો દેખાવ કરવા બદલ શાળા પરિવાર તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવીએ છીએ.

## વાપીની જ્ઞાનધામનુ સીબીએસઇ બોર્ડનુ ધો.૧૦-૧૨નું પરિણામ ૧૦૦ ટકા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૩ :** જાહેર થયેલા સીબીએસઈ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૫ માં લેવામાં આવેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સામાન્ય પ્રવાહ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે જેમાં વાપીની જાણીતી એવી શ્રીમતી સાંદ્રાબેન શ્રોફ જ્ઞાનધામ સ્કૂલનું પરિણામ ૧૦૦ ટકા જાહેર થયું છે. જેમાં વિજ્ઞાન પ્રવાહના ૬૪ સામાન્ય પ્રવાહના ૭૪ અને આર્ટસના ૨૫ વિદ્યાર્થીઓ મળી કુલ્લે ૧૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી તમામે તમામ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે. જેમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ ક્રમે ઈરવા દિલીપભાઈ સાવલિયા ૯૨.૪ ટકા બીજા ક્રમે આર્યા મુકુંદભાઈ ભાવસાર ૯૧.૪ ટકા અને ત્રીજા ક્રમે જીયા દેસાઈ ૯૦.૬ ટકા સાથે નંબરે રજા છે જ્યારે સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે મેઘાવી ભરતભાઈ જૈન ૯૬.૬ ટકા બીજા ક્રમે મોક્ષિત પંકી શાહ ૯૫.૮ ટકા અને ત્રીજા ક્રમે કાછડીયા હિતેશ અભય ભાઈ ૯૫.૬ ટકા સાથે જ્યારે આઠ વિષયમાં પ્રથમ ક્રમે શીલાક્ષી રાચોરી ૯૮.૬ ટકા બીજા ક્રમે કનાક વ્યાસ ૯૭.૨ ટકા અને ત્રીજા ક્રમે ભટ્ટ તીરથા ૯૪.૮ ટકા સાથે પાસ જાહેર થયા છે તેમને શાળા પરિવાર તેમ જ શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા અભિનંદન આપવામાં આવ્યા છે.

એજ રીતે સીબીએસઈ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૫ માં ધોરણ ૧૦ ની લેવાયેલી પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયેલ જે પરિણામમાં વાપીની શ્રીમતી સાંદ્રાબેન શ્રોફ જ્ઞાનધામ વાપી નુ પરિણામમાં શાળામાં અભ્યાસ કરતા ૧૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી તમામ ૧૫૨ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે જેમાં પ્રથમ ક્રમે વિધિ જીતેશ દામા ૯૯.૨ ટકા જયારે બીજા ક્રમે વિશ્વમ યોગેશ કલસરિયા ૯૭.૮ ટકા અને ત્રીજા ક્રમે રિયા રિતેશકુમાર શર્મા ૯૭.૬ ટકા સાથે જાહેર થયા છે તેમને શાળા પરિવાર તરફથી તથા શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા અભિનંદન આપી ઉત્સાહિત કરાયા છે.

## બીલીમોરામાં ચોમાસા પહેલા જોખમી ૧૪ બિલ્ડીંગોના સમારકામ માટે પાલિકાની નોટીસ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૧૩ :** બીલીમોરા નગરપાલિકા દ્વારા ચોમાસા પૂર્વે શહેરભરની જર્જરિત મિલકતોનો સર્વે પાલિકાના બાંધકામ ખાતાના અધિકારીઓ હાથ ધર્યો હતો. જેમાં અંદાજિત ૧૪ જેટલી જર્જરિત મિલકતો મળી આવતા તમામ એવી મિલ્કતોને પાલિકાએ તાબડતોબ ભય મુક્ત કરાવવાની નોટિસો ફટકારી હતી. પણ પેલી કેહવત મુજબ દિવા તળે અંધારું પાલિકાની ખુદની બજાર વિસ્તારમાં આવેલી જૂની શાકભાજી માર્કેટની ભયજનક ઈમારત પાલિકા રીપેર કરાવશે ખરી ?

પાલિકા દ્વારા શહેરની તમામ ઈમારતો મકાનો અને અન્ય બાંધકામનો સર્વે હાથ ધરાયો હતો તેમાં પણ ચોમાસા પૂર્વે જો કોઈ આવી અતિ જર્જરિત મિલકત નજરે પડે તો તેવી મિલકતોને ભય મુક્ત કરાવવાની યા તો તેવી મિલકતોને ઉતારી પાડવા માટે પાલિકા કામગીરી કરી રહી છે.નજીક ના દિવસોમા ચોમાસુ બેસશે ત્યારે લોકોને જર્જરિત મિલકતોને કારણે કોઈ મોટી આફતનો સામનો ન કરવો પડે તે માટે સર્વે કરવામાં આવ્યો હતો, જેમાં શહેરમાંથી અંદાજિત ૧૪ જેટલી જર્જરિત મિલકતો હોવાને કારણે તેવી મિલકતો ભય મુક્ત કરાવવા નોટિસો આપઈ રહી છે. આ પાછળ પાલિકાનો હેતુ લોકો સુરક્ષિત રહે અને સામા ચોમાસાની ઋતુમાં જો વધારે વરસાદ કે વાવાઝોડુ આવે તો તેવા સમયે લોકોના જાનમાલને આવી જર્જરીત મિલકત કોઈ નુકસાન ન પહોંચાડે તે માટે પાલિકા હાલ કામગીરી કરી રહી છે.

## વલસાડ રેલ્વે પોલીસે છત્તીસગઢની બાળકીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

**વલસાડ, તા.૧૩ :** પાંચ દિવસ અગાઉ છત્તીસગઢના ચીર મીર ગામેથી પાંચ વર્ષે બાળક ઘરમાંથી નીકળી ટ્રેનમાં બેસી વલસાડ ફરવા આવ્યા બાદ વલસાડ રેલવે સ્ટેશન કાકડા પર બેઠેલા પાંચ વર્ષીય નાના બાળકને મૂંઝાયેલી હાલતમાં જોવા મળતા પોલીસે બાળકને પૂછપરછ કરતા હકીકત જાણવા મળતા વલસાડ રેલવે પોલીસે છત્તીસગઢના કંટ્રોલરૂમમાં જાણ કરી ચિરામીર પોલીસનો સંપર્ક કરી બાળકને સોંપવામાં આવ્યો હતો. રાખવાનો આદેશ આપતા બાળકને શિશુ ગૃહમાં મોકલી દેવામાં આવ્યું હતું.

વલસાડ રેલવે પોલીસ કોન્સ્ટેબલ સુરેશભાઈ નારસીભાઈ તારીખ ૭/ ૫/૨૦૨૫ના રાત્રે ડ્યુટી દરમિયાન વલસાડ રેલવે સ્ટેશન પર હતા તે દરમિયાન રાત્રે ૮:૨૦ કલાકે વલસાડ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૨ના એક બાંકડા પર પાંચ વર્ષીય નાનો બાળક પૂજાયેલી હાલતમાં બેસેલો જોવા મળ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલ સુરેશભાઈએ પાંચ વર્ષે બાળકને નામ પૂછતા તેણે જણાવ્યું કે ઘરમાં કોઈને પણ કહ્યા વગર ટ્રેનમાં બેસી ફરવા માટે આવ્યો હોવાનું જણાવ્યું હતું. જે અંગે વલસાડ રેલવે પોલીસ મથકના સી ટીમના ઈન્ચાર્જ રીટાબેને બાળકને પોતાનું નામ પૂછતા તેમણે આસરાનો ઉંમર વર્ષ પાંચ રહે. છત્તીસગઢ રાજ્યનું જણાવ્યું હતું. જે અંગે વલસાડ રેલવે પોલીસ મથકના પીઆઇ વસાવાએ છત્તીસગઢ રાજ્યના કંટ્રોલરૂમમાં ફોન કરી સંપર્ક કર્યા બાદ બાળકનો ફોટો રૂર્ત્રીદર્સીષ્ટ્ષ્ટ કરી પૂછપરછ કરતા ચિરમીર પોલીસ સ્ટેશન મનેન્દ્રગઢ જિલ્લાનો હોવાનું જાણવા મળતા પાંચ વર્ષે બાળકને સીડબલ્યુસી વલસાડમાં રજૂ કરી બાળકને ચીખલી તાલુકાના ખૂંધ ગામે આવેલ શિશુ ગૃહમાં રાખવામાં આવ્યો હતો અને આજરોજ ચિરમીર પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ વલસાડ આવતાં બાળકને બાળ કલ્યાણ સમિતીમાં રજુ કરતાં ચિરમીર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ તેમના પોલીસ સ્ટેશન ખાતેની ફરીયાદ સાથે બાળકનો ફોટો રજુ કર્યા હતાં. તેમજ જરૂરી આધાર પુરાવા રજુ કરતાં બાળકને બાળ કલ્યાણ સમિતીએ ચિરમીર પોલીસ સ્ટેશનના કર્મચારીઓને બાળકનો કબ્જો સોંપવામાં આવ્યો હતો.

## વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલનું સીબીએસઈ બોર્ડનુ ધો.૧૦-૧૨નું પરિણામ જાહેર

**વાપી, તા. ૧૩ :** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન દ્વારા ફેબ્રુઆરી,માર્ચ ૨૦૨૫ માં લેવાયેલી ધો.૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનું આજે જાહેર થયેલું પરિણામ માં ધોરણ ૧૦ નું પરિણામ ૯૭ ટકા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૫.૪૫ ટકા અને સામાન્ય પ્રવાહનું પરિણામ ૧૦૦ ટકા જાહેર થયું છે.

શાળામાં ધો.૧૦ માં કુલ ૨૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. શાળામાં પ્રથમ ક્રમે આદિત્ય સુધીરકુમાર મહેતા ૮૭.૪૦ ટકા મૈત્રી પ્રીતમભાઈ પટેલ ૮૨.૬૦ ટકા રિદ્ધિ અમિતભાઈ પટેલ ૮૨.૬૦ ટકા જયકાંત શર્મા ૮૦.૪૦ અને ચંચલ રાઠોડ ૭૯.૨૦ ટકા પ્રાપ્ત કર્યા છે. જ્યારે ધો.૧૨ સાયન્સ માં કુલ ૨૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી શાળામાં પ્રથમ ક્રમે પૂજા મહેતા ૮૪.૪૦ ટકા યાદવ રીસી રમાશંકર ૮૧.૨૦ ટકા અંજલી ઠાકોર ૭૮.૬૦ ટકા તીર્થ અલ્પેશ દેસાઈ ૭૮.૨૦ ટકા પ્રાપ્ત કર્યા છે. જ્યારે ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૮ વિધાર્થીએ પરીક્ષા આપી હતી. જે તમામ પાસ થયા છે. શાળામાં પ્રથમ ક્રમે વર્મા સેજલ ૭૯.૨૦ બીજા ક્રમે ફેનીલ દિલીપભાઈ પરમાર ૬૮.૮૦ ટકા ત્રીજા ક્રમે શ્રેયા પ્રભુભાઈ આહીર ૬૪.૮૦ ટકા ચોથા ક્રમે કાવ્યા ભંડારી ૬૧.૮૦ ટકા જ્યારે પાંચમા ક્રમે ગોપી શર્મા ૬૦.૨૦ ટકા સાથે પાસ જાહેર થયા છે. જેઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૫૦/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** નારણભાઈ છોટુભાઈ પાડવી રહે. નાની વહિયાળ, બરફટા ફ. તા. ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, વહિયાળ

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **નારણભાઈ છોટુભાઈ પાડવી** રહે. નાની વહિયાળ, બરફટા ફ., તા. ધરમપુર, જી.વલસાડના પોતાનો **નારણભાઈ છોટુભાઈ પાડવીનો** જન્મ તા.૧૫/૦૪/૧૯૭૬નાં રોજ નાની વહિયાળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૮/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** રામુભાઈ ફલુભાઈ બસવા રહે. મનાઈચોંઢી, નિશાળ ફ., તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, કોસીમપાડા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રામુભાઈ ફલુભાઈ બસવા** રહે. મનાઈચોંઢી, નિશાળ ફ., તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **નૂતનબેન રામુભાઈ બસવાનો** જન્મ તા.૦૧/૦૬/૧૯૯૭નાં રોજ મનાઈચોંઢી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૪૩/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** નવલુભાઈ સવલાભાઈ દીવા રહે. બોપી, કોદિયા ફ., તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત બોપી, તા.ધરમપુર જી.વલસાડ

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **નવલુભાઈ સવલાભાઈ દીવા** રહે. બોપી, કોદિયા ફ., તા. ધરમપુર, જી.વલસાડના પુત્ર **દિલીપભાઈ નવલુભાઈ દીવાનો** જન્મ તા.૧૧/૦૪/૨૦૧૯નાં રોજ બોપી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,**

રજી. ૨૫૬/૨૦૨૪

**અરજદાર :-** **ચંદનબેન ખંડુભાઈ પટેલ**
રહે. વલસાડ ટી.વી. રીલે કેન્દ્ર જયનગર નનકવાડા તા.જી.વલસાડ

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી સુખલાવ
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચંદનબેન ખંડુભાઈ પટેલ**, રહે. વલસાડ ટી.વી. રીલે કેન્દ્ર જયનગર નનકવાડા તા.જી.વલસાડનાએ તેઓના પુત્રી **સોનલબેન ખંડુભાઈ પટેલ**નો જન્મ તા.૨૩/૦૫/૧૯૮૧ ના રોજ મોજે- સુખલાવ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૬૭-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૪૫/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** નવસીબેન હીરામણભાઈ વૈજલ રહે. મુળગામ ફ. ગુંદીયા તા. ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગુંદિયા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **નવસીબેન હીરામણભાઈ વૈજલ** રહે. મુળગામ ફ. ગુંદીયા, તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **છાયાબેન હીરામણભાઈ વૈજલનો** જન્મ તા.૦૮/૦૨/૨૦૦૯નાં રોજ ગુંદિયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૩/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** બુધિયાભાઈ ગોપીભાઈ ભોયા રહે. બારોલીયા કાઠિયા ફ. તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બારોલીયા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બુધિયાભાઈ ગોપીભાઈ ભોયાના** કાકા **લાહન્યાભાઈ બાબલ્યાભાઈ ભોયાનું** અવસાન તા.૨૧/૦૫/૧૯૯૧નાં રોજ બારોલીયા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૪૭/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** ભાયજલભાઈ કેશુભાઈ પવાર રહે. બોડારપાડા, જામલિયા, તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, જામલિયા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ભાયજલભાઈ કેશુભાઈ પવાર** રહે. બોડારપાડા, જામલિયા, તા. ધરમપુર, જી.વલસાડના પુત્ર **વિવેક ભાયજલભાઈ પવારનો** જન્મ તા.૦૫/૦૫/૨૦૨૨નાં રોજ જામલિયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૪૮/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** રતિલાલ ગોવિંદભાઈ પાડવી રહે. જાદવ ફ. પંગારબારી, તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, પંગારબારી

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રતિલાલ ગોવિંદભાઈ પાડવી** રહે. જાદવ ફ. પંગારબારી, તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **સપનાબેન રતિલાલ પાડવીનો** જન્મ તા.૦૩/૦૩/૨૦૦૮નાં રોજ પંગારબારી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૨/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** બુધિયાભાઈ ગોપીભાઈ ભોયા રહે. બારોલીયા કાઠિયા ફ. તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બારોલીયા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બુધિયાભાઈ ગોપીભાઈ ભોયાના** પિતા **ગોપીભાઈ બાબલ્યાભાઈ ભોયાનું** અવસાન તા.૨૭/૦૪/૧૯૯૬નાં રોજ બારોલીયા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૬/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** પાંડુભાઈ રામજીભાઈ વાઘમાર્યા રહે. મુળગામ ફ., ગડી તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગડી

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પાંડુભાઈ રામજીભાઈ વાઘમાર્યાના** પિતા **રામજીભાઈ ધર્માભાઈ વાઘમાર્યાનું** અવસાન તા.૧૫/૧૦/૧૯૯૬નાં રોજ ગડી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૭/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** પાંડુભાઈ રામજીભાઈ વાઘમાર્યા રહે. મુળગામ ફ., ગડી તા. ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગડી

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પાંડુભાઈ રામજીભાઈ વાઘમાર્યાના** દાદી **ઝીપરીબેન માહરૂભાઈ વાઘમાર્યાનું** અવસાન તા.૧૫/૧૦/૧૯૯૦નાં રોજ ગડી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૭૧/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

**વાદી:-** બુધિયાભાઈ ગોપીભાઈ ભોયા રહે. બારોલીયા કાઠિયા ફ. તા.ધરમપુર જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, બારોલીયા

**વિષય:-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **બુધિયાભાઈ ગોપીભાઈ ભોયાના** ફોઈ **તુળશીબેન બાબલ્યાભાઈ ભોયાનું** અવસાન તા.૧૪/૦૩/૧૯૯૩નાં રોજ બારોલીયા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**


**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**
**ક્યુઆર કોડ સ્કેન કરો**

## વાપી ઈન્ડસ્ટ્રીઝ એસો.ની ૫૪મી વાર્ષિક સાધારણ સભા મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસો.ની ૫૪મી વાર્ષિક સાધારણ સભા સેન્ટ્રલ ઓફ એક્સિલન્ટના કોન્ફરન્સ હોલમાં મળી હતી. આ સભામાં નોટિફાઈડ બોર્ડ દ્વારા પાણીના દરમાં થયેલા ઘટાડા અંગેની માહિતી આપવામાં આવી હતી. વીઆઈએની તમામ કામગીરી હવે પેપર લેસ થશે. તે અંગે વી આઈ એના સભ્યોને માહિતગાર કરાયા હતા. આ સાથે વાપીમાં જિલ્લાનું સૌથી મોટું ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું કામ આગામી દિવાળી સુધીમાં ચાલુ કરવાની જાહેરાત કરાઈ હતી.

વીઆઈએની ૫૪મી વાર્ષિક સાધારણ સભા સેન્ટર ઓફ એકિસલન્ટમાં સતિષભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ મળી હતી. આ સભામાં વાર્ષિક હિસાબો અને વર્ષ દરમિયાન થયેલી કામગીરીની માહિતી રજૂ કરવામાં આવી હતી. સાથે જ વાપી જીઆઈડીસી અને નોટિફાઈડ વિસ્તારમાં ટ્રેનેજની કામગીરી અંગેનો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો આ કામગીરી રાજ્યના નાણાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રીઅને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના પ્રયાસોના કારણે હાલ ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મેનેજમેન્ટ સેન્ટરનું ટેકનિકલટેન્ડરની પ્રક્રિયા ચાલી રહી છે તેની ચર્ચા પણ કરાઈ હતી. વાપીમાં ડીપીએમસીથી માત્ર વાપી જ નહીં પરંતુ આજુબાજુના વિસ્તારના સરીગામ, ઉમરગામ, અતુલ, ગુંદલાવ જીઆઈડીસીને પણ લાભ થશે. આ સભામાં વીઆઈએ સેક્રેટરી કલ્પેશ વોરા, મગન સાવલિયા, રાજુલ શાહ, એડવાઈઝરી બોર્ડના સભ્ય મિલનભાઈ દેસાઈ, યોગેશભાઈ કાબરીયા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ પટેલ પ્રકાશ ભદ્રા નાનુભાઈ પટેલ મહેશભાઈ પંડ્યા સિરીઝ ભાઈ દેસાઈ સહિતના ૧૧૭ થી વધુ વીઆઈએના સભ્ય અને ઉદ્યોગપતિ ઓ હાજર રહ્યા હતા.

## ધરમપુરના તળાવ ખાતે શ્રી મહારાણા પ્રતાપની જન્મ જયંતી ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ધરમપુર, તા. ૧૩ :** ધરમપુર રાજપૂત પંચ તથા તળાવ ગૃપ ના સંયુક્ત ઉપક્રમે કુશળકુંવરબા લેક વ્યુ સ્થિત મહારાણા પ્રતાપ જન્મ જયંતિ નિમીત્તે તેમની પ્રતિમા ને પુજન, તિલક નો કાર્યક્રમ યોજાયો હતો જેમા ધરમપુર રાજપૂત પરિવાર ના ગૌરવદેવ, ધર્મેન્દ્રસિંહ પરીહાર, રાજપૂત પંચ ના પ્રમુખ ગજેન્દ્રસિંહ રાવરાણા, રાજપૂત પંચ ના મંત્રી, હોદ્દેદારો તથા સમાજ ના આગેવાનો તથા તળાવ ગૃપ ના અજયભાઇ ભાવસાર, સુનીલભાઇ સુરતી, છત્રસિંહ શીંદે, ગામના આગેવાનો, નગર પાલિકા પ્રમુખ મયંકભાઇ મોદી, ચીફ ઓફિસર વિજયભાઈ ઇટાલીયા, નવા ચુંટાયેલા સભ્યો હાજર રહી પ્રસંગને અનુરૂપ પુજન, ફૂલહાર કરી કાર્યક્રમમાં મહારાણા -તાપ ની શુર ગાથા, જીવન ચરિત્ર અને મા ભોમની રક્ષા કાજે કરેલ સંઘર્ષ ની વીર ગાથા રજુ કરવામાં આવી હતી મહારાણા પ્રતાપ ની પ્રતિમા ને પુજન તિલક ધરમપુર ના કૃપેશભાઇ પુરોહિત દ્વારા સંપુર્ણ શાસ્ત્રોક્ત વિધિ થી કરાઇ હતી. કાર્યક્રમનું સંચાલન હરેન્દ્રસિંહ રાણા દ્વારા તેમજ આભાર વિધિ અજયભાઇ ભાવસારે આટોપી હતી.

## દમણ અકસ્માત નિવારવા હવન અને શાંતિ પાઠ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** નમો પથ પર અકસ્માતો અટકાવવા માછી સમાજ સંઘીયા શેરી દ્વારા હવન અને શાંતિ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું.

હવનમાં ઘણી મહિલાઓએ પણ ભાગ લીધો હતો. દામિની મહિલા ફાઉન્ડેશનના અધ્યક્ષ સિમ્પલ ટંડલે જણાવ્યું હતું કે નમો પથ ખૂબ જ સુંદર રીતે બનાવવામાં આવ્યો છે અને દરરોજ હજારો પ્રવાસીઓ અહીં આવે છે. તેમણે કહ્યું કે સાંગિયાની આસપાસ અકસ્માતો વધી રહ્યા છે. સાંગિયા શેરીના લોકોએ અહીં હવન કરવાનું નક્કી કર્યું. શેરીની બહાર અને રસ્તા પાસે હવન અને શાંતિ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. નજીકના ૧૮ શેરીઓના લોકોએ પણ તેમાં ભાગ લીધો હતો. સિમ્પલ ટંડલે જણાવ્યું હતું કે વહીવટીતંત્રે આ રસ્તા પર વધતા અકસ્માતોને રોકવા માટે પગલાં લેવા જોઈએ. સાંગિયા શેરીની આસપાસ નિરીક્ષણ કરવું જોઈએ કે બેરિકેડ અથવા અન્ય માધ્યમો દ્વારા અકસ્માતો કેવી રીતે અટકાવી શકાય.

## શ્રી દિલ્હી ગુજરાતી સમાજ દ્વારા વિશિષ્ઠ વરિષ્ઠ નાગરિક સન્માન સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** શ્રી દિલ્હી ગુજરાતી સમાજ વડીલ પરિવાર દ્વારા દિલ્હીના શાહ સભાગારમાં વિશિષ્ઠ વરિષ્ઠ નાગરિક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ ગરિમાપૂર્ણ પ્રસંગે જાણીતાં નૃત્યગુરુ, પ્રસિદ્ધ લેખિકા અને કેન્દ્રીય સંગીત નાટક અકાદમીનાં અધ્યક્ષ ડો. સંધ્યા પુરેચા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ડો. સંધ્યા પુરેચાએ ઘણો આનંદ અને રાજીપો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે શ્રી દિલ્હી ગુજરાતી સમાજમાં વડીલ પરિવાર સંસ્થા ખૂબ જ સક્રિય રીતે કાર્યરત છે. તેમણે સંસ્થા દ્વારા ૮૨ વર્ષ અને તેથી વધુ વયના વડીલોનું વિશિષ્ઠ બહુમાન કરવાના કાર્યને બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું કે સંસ્થા વડીલ નાગરિકોને સ્વજનો પેઠે જ પોતીકું ધ્યાન રાખે છે તે સરાહનીય છે. તેમણે ઉમેર્યું કે આજના સમયમાં જ્યારે દેશ અને દુનિયામાં સંયુક્ત કુટુંબની ભાવના વિલુપ્ત થતી જાય છે, ત્યારે શ્રી દિલ્હી ગુજરાતી સમાજ સંસ્થા વડીલોને પોતાના સ્વજનો તરીકે સાચવી રહી છે તે અત્યંત ઉમદા અને પ્રશંસનીય કાર્ય છે.

ડો. પુરેચા વડીલોનું સન્માન કરીને અને તેમના આશીર્વાદ મેળવીને તેઓ ભાવવિભોર થયાં હતાં. તેમણે સન્માનિત વડીલોની પરિચય પુસ્તિકા દર્શિકાનું વિમોચન કર્યું હતું. શ્રી સમાજના પ્રમુખ સચિન શાહે કહ્યું કે વડીલ પરિવાર સંસ્થા આજના સમારંભ સાથે અત્યાર સુધીંમાં દિલ્હીના ૨૪૫ વડીલોને સન્માનિત કર્યા છે. શ્રી દિલ્હી ગુજરાતી સમાજની સ્થાપના ૧૮૯૭માં થયેલી અને આરંભથી જ અહીં આબાલવૃદ્ધ સૌના માટે સાહિત્યિક-સાંસ્કૃતિક અને સુખાકારી આનંદ-મોદની અનેક પ્રવૃત્તિઓની પરંપરા રહી છે. એમાં વડીલોનું સન્માન કરવું એ અમારી અગ્રણી મહત્વની બાબત રહી છે. વડીલ પરિવાર અધ્યક્ષ હર્ષદ મહેતાએ જણાવ્યું કે વડીલ પરિવારની કાળજી અને તેઓના સુખદુઃખમાં સાથે રહેવાના સતત પ્રયત્નો સાથે વડીલો માટે અને તેઓની સાથે રહીને વર્ષભર અનેક પ્રવૃત્તિઓ યોજાય છે જેમાં દેશવિદેશની મુસાફરી, પિકનિક, આરોગ્ય-તબીબી શિબિરો અને રમતગમત જેવી પ્રવૃત્તિઓ સામેલ છે. આ સમારોહમાં જે વરિષ્ઠ નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું તેમાં અગ્રણી સમાજસેવી મહાનુભાવો સર્વ વિનોદ પટેલ, રમેશ મહેતા, મહેન્દ્ર ભટ્ટ તથા લેખક નંદલાલ ગઢીયા સહિત અન્ય ઘણા વડીલોનો સમાવેશ થતો હતો. આ પ્રસંગે શ્રી દિલ્હી ગુજરાતી સમાજના ટ્રસ્ટીઓ સર્વશ્રી અરવિંદભાઈ પોપટ, પ્રફુલ દોશી, રાજેશ દવે, નિલેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહ વડીલો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરતું એક યાદગાર સંભારણું બની રહ્યું.

## વાપીમાં કૌશિક હરીયા ટેકનીકલ સેંટર નાનવા સત્ર માટે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** કૌશિક હરીયા ટેકનીકલ સેંટર ચણોદ કોલોની નાકા, સેલવાસ રોડ વાપી ખાતે ઓગષ્ટ ૨૦૨૫ નાનવા સત્રમાં N.C.V.T પેટર્નના ઈલેકટ્રીશીયન, વાયરમેન, ફીટર, વેલ્ડર ટ્રેડમાંઓનલાઈનએડમીશન ચાલુ છે. આ નવા સત્રમાં શરૂ થનાર N.C.V.T પેટર્નના વિવિધટ્રેડમાંએડમીશન લેવા માંગતા ધો. ૧૦ પાસ/નાપાસ તથા ધો.૯/૮ પાસ ઉમેદવારોએ તાત્કાલીક સંસ્થાનો સંપર્ક કરવાઆચાર્યની યાદી દ્વારા જણાવવામાં આવે છે. વધુ વિગત માટે ફોન નં. ૦૨૬૦-૨૯૬૦૪૬૦૫પર સંપર્ક કરી શકાશે.

## થ્રીડીમાં વિપક્ષી નેતાઓએ સંયુક્ત બેઠક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** દાદરા નગર હવેલી અને દમણ દીવમાં વિપક્ષી નેતાઓએ સંયુક્ત બેઠક યોજી. જાહેર મુદ્દાઓ અને વહીવટ પર સંયુક્ત દબાણ બનાવવામાં આવશે. દમણ દીવના સાંસદ ઉમેશ પટેલે તેમના સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું કે દમણ અને દમણ અને દીવના વિરોધ પક્ષોના નેતાઓ, દાદરા નગર હવેલી કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ પ્રમુખ પ્રભુભાઈ ટોકિયા, દમણ અને દમણ અને દીવ શિવસેના (ઉદ્ધવ) દમણ અને દમણ અને દીવના પ્રદેશ પ્રમુખ શ્વેતલ ભટ્ટ, દમણ અને દીવના આપ પાર્ટીના પ્રમુખ તપન ભાઈ, દમણ અને દમણ અને દીવના નવસર્જન પાર્ટીના પ્રમુખ મહેન્દ્રસિંહ જાડેજાએ બેઠક યોજી હતી. ઉમેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની લોકોની સમસ્યાઓના કાયમી ઉકેલ શોધવા માટે, તેઓ સંયુક્ત પક્ષ મોરચો બનાવવા અને રાજ્યના હિત માટે જાહેર આંદોલન ચલાવવામાં સમર્થન આપશે.

## વલસાડના અટકપારડી ખાતેથી ૩૫ વર્ષીય યુવક ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના અટકપારડી તળાવ ફળિયા આરટીઓ ઓફિસ પાસે રહેતા ૩૫ વર્ષીય હિતેષભાઈ શંકરભાઈ રાઠોડ તા.૨૨/૦૪/૨૦૨૫ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. તેઓ મધ્યમ બાંધો, ઘઉંવર્ણ, અને ૫ ફૂટ ૨ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે ભૂરા કલરની હાફ બાંયની ટી-શર્ટ, કાળા કલરનો હાફ પેન્ટ અને ભૂરા કલરની ચપ્પલ પહેરેલી હતી. તેઓ ગુજરાતી ભાષા જાણે છે. જો કોઈને પણ આ વ્યક્તિની ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો ૦૨૬૩૨૨૪૨૩૩, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વલસાડ શેઠીયાનગરનો ૪૩ વર્ષીય પુરૂષ કલ્યાણ બાગ સર્કલ ખાતેથી ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના સત્યમ એપાર્ટમેન્ટ, શેઠીયાનગર, કૈલાસ રોડ ખાતે રહેતા ૪૩ વર્ષીય રાજ લક્ષ્મીચંદ નંદુ તા.૨૦/૦૪/૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યા પહેલા કલ્યાણબાગ સર્કલ ખાતેથી કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી.

તેઓ મધ્યમ બાંધો, ઘઉંવર્ણ, મોટી દાઢી, નાક ઉપર જૂનુ વાગેલાનું નિશાન અને ૬ ફૂટ ૨ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે મહેંદી કલરનું હાફ બાયની કોલરવાળી ટી-શર્ટ અને ગ્રે કલરનું જીન્સનું પેન્ટ પહેરેલું હતું. તેઓ ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષા જાણે છે.

જો કોઈને પણ આ વ્યક્તિની ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો ૦૨૬૩૨૨૪૨૩૩, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩ અને ઈ-મેઈલ એડ્રેસ sp-val@gujarat.gov.in પર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## વાપીની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલે CBSE ધો. ૧૨-૧૦ ના ઉત્કૃષ્ટ પરિણામોની ઉજવણી કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી સ્થિત સેન્ટ ઝેવિયર્સ હાઇ સ્કૂલ (CBSE) શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે CBSE બોર્ડની પરીક્ષાઓમાં તેના ધોરણ ૧૨ અને ૧૦ ના વિદ્યાર્થીઓના અસાધારણ પ્રદર્શનની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે. શાળાને તેના વિદ્યાર્થીઓ દ્વારા દર્શાવવામાં આવેલા સમર્પણ અને ખંત પર ખૂબ ગર્વ છે, જેમણે શાળાને ગૌરવ અપાવ્યું છે.

વિજ્ઞાન પ્રવાહમાં ટોપર્સ ૧. એમ.એસ. વૃધ્ધિ ઠાકુર - ૯૨.૨ ટકા, ૨. MST. પ્રિયાંશુ સરકાર - ૯૧.૨ ટકા, ૩. એમ.એસ. નંદિકા રાની યાદવ - ૮૯.૨ ટકા.

કોમર્સ સ્ટ્રીમ ટોપર્સ ૧. એમ.એસ. દિયા જયનીલ ભટ્ટ - ૮૮.૨ ટકા, ૨. MST. રેહાન ઈરફાન શેખ - ૮૦.૬ટકા, ૩. એમ.એસ. કૃષિ જૈન - ૭૭.૬ટકા, ૪. એમ.એસ. સૃષ્ટિ ચિખલકર - ૭૭.૬ટકા.

STD X ટોપર્સ ૧. એમ.એસ. દેશમુખ આર્ય સુખ- ૯૫.૪ ટકા, ૨. MST. મૃગંક કુમાર - ૯૪.૨ ટકા, ૩. એમ.એસ. દિપશિખા પાત્ર - ૯૪ટકા, ૪. એમએસ સ્નેહા સિંઘ- ૯૪ટકા ૫. એમ.એસ. અદિતિ સંજય કોકાટે- ૯૪ટકા.

અમારા વિદ્યાર્થીઓને સતત આશીર્વાદ અને પ્રોત્સાહન આપવા બદલ અમે અમારા આદરણીય ચેરમેન સર અને મેનેજિંગ ડિરેક્ટર મેડમનો આભાર માનીએ છીએ. અમે બધા વિદ્યાર્થીઓને અભિનંદન આપીએ છીએ અને તેમના ભવિષ્યના પ્રયાસોમાં સફળતાની શુભેચ્છા પાઠવીએ છીએ.

## સાક્ષર બનવા શિક્ષણ અને સંસ્કારી બનવા શિબિર જરૂરી : પૂ. યશોવર્મસુરીશ્વરજી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** પ્રાચીન જૈન તીર્થ બગવાડામાં પ્રભાવી શ્રી અજીતનાથદાદા ના ધામ માં સતત ત્રણ - ત્રણ દિવસથી ચાલી રહેલી શ્રી લબ્ધી-વિક્રમ-કુમાર શિબિર માં આજે બગવાડા ને તીર્થ સ્વરૂપ કરાવનારા જૈનોના શ્રદ્ધા કેન્દ્ર જૈનાચાર્ય શ્રી યશોવર્મસુરીશ્વરજી મહારાજા, વિદ્વાન આચાર્ય શ્રી ભાગ્યયશસૂરીજી મહારાજ સાહેબ, આચાર્ય શ્રી હ્રીંકારયશસુરીજી મહારાજા આદિ સાધુ સંતો સાંજ સુધી મન મૂકીને વરસ્યાં હતા. પૂજ્ય હૃદય સ્પર્શી પ્રવચનકાર શ્રદ્ધેય ગુરુદેવ શ્રીએ બાળ - યુવા ની સભાને સંબોધી હતી.... સમય શિસ્ત અને સિસ્ટમ ને સાચવીને ચાલનારો ક્યારેય નિષ્ફળ નહીં જાય. આપણી ઘણી બધી નિષ્ફળતાની પાછળ આ ત્રણ સૂત્રો પ્રત્યેની બેદરકારી છે. સમય ચૂકે તે ટ્રેન ચૂકે... ટ્રેન એટલે બધા જ ક્ષેત્રોમાં તે ચૂકી જવાનો... શિસ્ત ચુકે તેને ટ્રેનિંગ નહીં મળે, અને ટ્રેનિંગ વગર એને કયા ક્ષેત્રમાં પ્રવેશ મળશે... ને સિસ્ટમ તોડે તે ક્યારેય ટોપર નહીં બને.. એને ચાન્સ જ નહીં અપાય... માટે જ આ શિબિરમાં આ ત્રણ સૂત્રો ગોલ્ડન થી ય મોંઘા છે. વધુમાં જણાવ્યું કે શિબિર તમને સંસ્કારી બનાવવા માટે જ છે. સંસ્કારી જ સજ્જન તથા શ્રાવક કે સંત શ્રમણ બનશે. ઘરમાં માતા-પિતા ને પરિવાર જોડે શાંતિથી બોલો વાણીમાં અમૃત ઘોલો. પરિવર્તન અનિવાર્ય છે.. શિબીર સાંભળ્યા પછી રોજ - રોજ અલગ - અલગ નવી - નવી એક્ટિવિટી થી સભર આ યાદગાર શિબિર ના સફળ આયોજનમાં બગવાડા - પરગણાના પ્રમુખને ટ્રસ્ટીઓએ ભારે જહેમત ઉઠાવી છે. ગુરુ ભક્તો સેવા આપી રહ્યા છે. ખૂબ જ સુંદર પ્રતિસાદ સાપળી રહ્યો છે. દેશના અનેક પ્રદેશથી બાળક યુવાનો પધાર્યા છે. તા. ૧૪ મે ના અંતિમ દિને સમગ્ર ગુજરાત - મહારાષ્ટ્રમાં માતા-પિતાઓ ને બગવાળા સંઘ, પરગણા સંઘ, રાળપટ્ટી સંઘ, સમાજ સેવકો, ઉદ્યોગપતિઓ પણ પધારશે.. વિશેષ શિબિર જ્ઞાન સત્ર નું પરફોર્મન્સ ને ઈનામ વિતરણ ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ આખું આયોજન બપોરે બે થી પાંચ કલાકમાં રહેશે. ચારે તરફથી બગવાળા તીર્થે ભાવિકો સંઘો ભાઈ બહેનો ઉમટી રહ્યા છે.

## વાપીમાં હરિયા હોસ્પિટલમાં પાર્કિન્સન રોગ ધરાવતા લોકો માટે કાર્યક્રમ શરૂ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** હરિયા એલજી રોટરી હોસ્પિટલ ઈન કોલાબ્રેશન વિથ બી કે પારેખ પાર્કિન્સન ડિસીઝ એન્ડ મૂવમેન્ટ ડિસઓર્ડર સોસાયટી (BKPPDMDS), મુંબઈના સહયોગથી, પાર્કિન્સન રોગ ધરાવતા લોકો માટે એક કાર્યક્રમ શરૂ છે.

આ સોસાયટીની સ્થાપના આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત ન્યુરોફિઝિશિયન ડૉ. બી. એસ. સિંઘલ દ્વારા પાર્કિન્સન રોગ ધરાવતા લોકો માટે મફત તબીબી સહાય અને પુનર્વસન સેવાઓ પૂરી પાડવાના વિઝન સાથે કરવામાં આવી હતી. ધ્યેય પાર્કિન્સન રોગ ધરાવતા લોકો અને તેમના સંભાળ રાખનારાઓ માટે જીવનની ગુણવત્તા સુધારવાનો છે. સોસાયટી ભારતના ૧૩ રાજ્યોમાં ૭૦ થી વધુ કેન્દ્રો દ્વારા બહુ-શાખાકીય સેવાઓ પ્રદાન કરે છે, જેમાં ગુજરાતના ૧૧ કેન્દ્રોનો સમાવેશ થાય છે.

અમે BKPPDMDS સાથે સહયોગ કરીને વાપી અને આસપાસના વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકો સુધી પહોંચવા માટે ઉત્સાહિત છીએ.

**સપોર્ટ ગ્રુપ મીટિંગ્સમાં શું થાય છે?** BKPPDMDS પાર્કિન્સન રોગ ધરાવતા લોકોને બહુ-શાખાકીય અભિગમનો ઉપયોગ કરીને તેમના લક્ષણોનું અસરકારક રીતે સંચાલન કરવામાં મદદ કરવા માટે કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. આ પ્રવૃત્તિઓમાં શામેલ છે : પાર્કિન્સન રોગ (PD) પર તબીબી અપડેટ્સ, ફિઝીયોથેરાપી વ્યવસાયિક ઉપચાર, સ્પીચ થેરાપી, આહાર અને પોષણ, યોગ, શૈક્ષણિક અને જ્ઞાનાત્મક તાલીમ, કલા અને નૃત્ય ઉપચાર અમે તમને વિનંતી કરીએ છીએ કે પાર્કિન્સન રોગ ધરાવતા લોકોને અમારી NGO દ્વારા આપવામાં આવતી મફત સેવાઓ વિશે માહિતી આપો. વધુ વિગતો માટે, તમે સંપર્ક કરી શકો છો ડૉ. રિંકલ ૮૮૬૬૨૧૪૫૬૮ ડૉ. શાઝિયા ૯૧૯૫૯૧૮૨૬૨૫૬.

## અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પ્રાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૩ : ધરમપુર તાલુકાના કૃષિ સખી અને સીઆરપીની કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી ખાતે તા.૦૬ મેના રોજ -ાકૃતિક કૃષિની તાલીમ યોજાઈ હતી.

વલસાડ જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે હેતુસર આત્મા પ્રોજેક્ટ વલસાડ દ્વારા ધરમપુર તાલુકાના તમામ કૃષિ સખી અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન (સીઆરપી)ની તા. ૦૬ મે ૨૦૨૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી ખાતે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો : www.damangangatimes.com

# કોરોનામાં મૃતકોની સંખ્યા કેન્દ્ર - રાજ્યોએ છુપાવી ?

**વર્ષ ૨૦૧૯માં ચીનના હુઆન શહેરમાંથી પ્રસરેલા કોરોના વાયરસે વિશ્વ આખાને લોખંડી પંજાબમાં ઝઘડિયું : કોરોનાએ ઠાઠડી ભેગા કરેલાઓના સાચા આંકડા હાલમાં જ સિવિલ રજીસ્ટરિંગ સિસ્ટમ એ બહાર પાડ્યા : દેશમાં ૩૯ લાખ ઉપરાંત અને ગુજરાતમાં ૧,૯૫,૪૦૬નું રામ નામ સત્ય થઈ ગયું : તમામ રાજ્યોએ મરણ અંક છુપાવ્યો : વાપીને બિલ ખાડીને બળાત્કારીઓ હજુ છોડતા નથી : કેટલાક વર્ષ ઉપર ચલાની ખંણકી ઉપર પણ છિનાળાનો પ્રયાસ થયો હતો પરંતુ અખબારી ઊહાપોહે ઉગારી લીધી : વાપીના બે રેલવે અંડરબ્રિજો અને એક ઓવર બ્રીજ ચોમાસા અગાઉ પૂરા થવાની સંભાવના ઓછી.**

વર્ષ ૨૦૧૯માં ચીનના હુઆન શહેરમાંથી પ્રસરેલા કોરોના વાયરસે વર્ષ ૨૦૨૧ સુધીમાં આખા વિશ્વને પોતાના અજગર પાશમાં લીધેલો અને મહામારીએ અસંખ્ય માનવીઓને મોતના ખપ્પરમાં હોમી દીધાં હતાં. ચીને ફેલાવેલો કોરોના વાયરસ ભારતમાં વિદેશથી આવેલ બે નાગરિકો લઈ આવ્યા હતાં. તે સમયે કેન્દ્રના તત્કાલિન આરોગ્ય મંત્રી હર્ષવર્ધને આ રોગ ભારતમાં વધુ પગ પેસારો ન કરે એ માટે ચાંપતા પગલાં લેવાય રહ્યાં હોવાની ડંફાસ હાંકી હતી. પરંતુ વર્ષ ૨૦૨૧ સુધીમાં કોરોનાના ઉપદ્રવે દેશમાં ૩,૩૦,૦૦૦ માનવીને ઉપર પહોંચાડી દીધાનું સરકારે જાહેર કર્યું હતુ. પરંતુ હાલમાં જ પ્રસિદ્ધ થયેલાં એક અહેવાલ મુજબ ભારતમાં કોરોનાએ ૩૯ લાખ ઉપરાંત માનવીઓને સ્મશાન ભેગા કરી દીધાં હતાં.

વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન કોરોનાએ દેશ અને દુનિયામાં હાહાકાર મચાવી દીધો હતો. તે અંગે દમણગંગા ટાઈમ્સમાં ૩૦ ઉપરાંત લેખો લખી કોરોનાએ મચાવેલી તબાહી પ્રજાજનો સુધી પહોંચાડી હતી. આ કોરોના વાયરસ જંગલની આગની જેમ વિશ્વ અને દેશમાં ફેલાઈ ગયો હતો. દેશમાં મોતનો માતમ એટલો તીવ્ર બની ગયો હતો કે, સ્મશાનોમાં શબદહનની લોખંડની સગડીનું લોખંડ પણ પીગળી ગયું હતું. લોકડાઉનને કારણે ઉદ્યોગો ઠપ થઈ ગયા હતાં. જેની અસર આજે પણ વર્તાય છે.

આ કાતિલ કોરોના સમગ્ર દેશ અને રાજ્યોમાં ફેલાયો હતો અને લાખો લોકોનું રામ નામ સત્ય કરી નાખ્યું હતું. પરંતુ રાજ્ય સરકારોએ મરણના આંકડાઓ ખોટા આપી પોતાની નબળાઈ છુપાવવાની કોશિશ કરી હોવાની વાત હાલમાં જ સિવિલ રજીસ્ટ્રેશન સિસ્ટમ એ પ્રસિદ્ધ કરેલા મોતના ચોંકાવનારા આંકડાઓએ સાબિત કર્યું છે.

કમનસીબે સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમના જણાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્યએ કોરોનામાં ઠાઠડી ભેગા થયેલા લોકોના આંકડા સૌથી ઓછાં બતાવી જનતાને અંધારામાં રાખવાનો પ્રયાસ કર્યો હોવાનું માની શકાય.

દાદરા નગર હવેલી, દમણમાં પણ કોરોનાની એન્ટ્રી થઈ ચૂકી હતી પરંતુ પ્રશાસક પ્રફુલભાઈ પટેલે કોરોના સામે ગદાપ્રહારના પગલાં લેતા કોરોના હડકાયો બની શક્યો ન હતો. આમ છતાં દાદરા નગર હવેલી અને દમણમાં પણ કોરોનાના નામના યમરાજે જે જીવ લીધો તેના આંકડામાં ગરબડ કરાયેલ હોવાની વાત તે સમયે ચર્ચાયેલી. જે હોય તે પણ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ કોરોનાના રામ બોલો ભાઈ રામના આંકડા પોતાની પ્રજાથી છુપાવ્યા તે પુરવાર કરે છે કે સરકાર પારદર્શિતાથી ધ્રૂજે છે....

**દમણગંગાના તીરેથી**



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

### બિલખાડીને ક્યાં સુધી વેશ્યા બનાવાશે?

વાપી નજીકની બિલખાડી ઉપર વર્ષોથી બિલ્ડરો ઉદ્યોગપતિઓ તથા છીનાળું કરવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. પરિણામે આ બિલખાડીએ પોતાની પાણીની સંગ્રહ શક્તિ અને વહન શક્તિ ગુમાવી દીધી હતી. ટૂંકમાં બીલખાડીને સાવ છીછરી બનાવી દેવાઈ હતી. ખાડીએ વહન શક્તિ ગુમાવતા દર ચોમાસામાં બિલખાડીનું પાણી વાપી નગરપાલિકાના વિસ્તારમાં અને ઉદ્યોગ નગર વિસ્તારમાં ઉભરાઈ ઔદ્યોગિક ઉત્પાદનો અને રહેણાંક વિસ્તારમાં ભારે ખાના ખરાબી કરતુ હતું. વર્ષોથી ચોમાસામાં તોફાની બનતી આ બિલખાડીની દશા કરનારા બળાત્કારીઓ સામે પગલાં લેવાની માંગ ઉઠતી રહેલી પરંતુ બિલખાડીના બળાત્કારીઓને જાણે જિલ્લા તંત્રએ ખોળે બેસાડેલા હોય એમ ૨૦ વર્ષ સુધી ખાડી ઉપર સામૂહિક છિનાળું કરનારા સામે કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતાં. છેવટે હાલના નાણાંમંત્રી અને પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈએ જિલ્લા કલેકટરનો કાન આમળતા ચારેક વર્ષ ઉપર બિલ ખાડીને ઊંડી કરી પાણીની સંગ્રહ શક્તિ અને વહન શક્તિ વધારવાના પગલાં લેવાયાં અને દર ચોમાસામાં જે બિલખાડી ગાંડીતૂર બની જતી હતી તે ડાહી ડમરી બની ગઈ.

વિચાર કરો, બિલખાડીના ઉભરાતાં પાણી એક સોસાયટીના બે બંગલામાં ઘુસી જતાં તે ત્રાસમાંથી છૂટવા આ બંગલાના માલિકોએ આધુનિક ટેકનોલોજી દ્વારા લાખો રૂપિયા ખર્ચે જેક દ્વારા આ બંગલાને પાંચ ફૂટ ઊંચા કરાવેલાં. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ ચોમાસામાં તોફાની બનતી બિલખાડીને નાથ પહેરાવી એ પછી છેલ્લા ચાર વર્ષથી નિરાંત હતી પરંતુ હમણાં હમણાં એવી વાત આવી છે કે, સરકારના વ્હાલા બની ગયેલા બિલ્ડરો એ પોતાના નિજી સ્વાર્થ માટે બિલખાડી ઉપર બ્રિજ બાંધવાનું શરૂ કર્યું છે.

જે ચોમાસામાં આ બિલખાડીના પાણીને અવરોધી પાણીને ફરી હડકવા લગાડે એવી સ્થિતિ ઊભી કરી છે. વાપીમાં બિલ્ડરો જાણે સમાંતર સરકાર ચલાવતાં હોય તેમ પોતાની મનમાની ચલાવતાં હોવાની છાપ નગરજનોમાં ઉપસેલી છે. છેલ્લા કેટલાંક વર્ષો પર વાપીના ચલા મઈન રોડ ઉપર ખનકી ઉપર સિમેન્ટના થાંભલાઓ ઊભા કરી ત્યાં કાર પાર્કિંગ માટેનો જબ્બર સ્લેબ બનાવવાનો ખેલ પાડ્યો હતો. વાપી નગરપાલિકાને ખનકી ઉપરના બાંધકામની મંજૂરી આપવાની સત્તા જ નહોતી, આમ છતાં બિલ્ડરની બિલાડી બની ગયેલાં હોય એમ વાપી પાલિકાએ શરતી શબ્દ પ્રયોગ કરી મંજૂરીનો ખેલ પાડ્યો હતો.

અમે દમણગંગા ટાઈમ્સમાં આ ગેરકાયદે કૃત્ય સામે સતત ઝુંબેશ ચલાવેલી. જેના કારણે ચલાની ખનકીનું ગળું ટૂંપનારા બિલ્ડરો એ ઉભા કરેલાં ૮૦ જેટલા સિમેન્ટના થંભલાઓ ભોય ભેગા કરવા પડ્યાં હતાં. આમ જોવા જઈએ તો રાજ્યની નાની મોટી વોટર બોડીઓ સામે ખીલવાડ ન કરાય એ જોવાનું કામ રાજ્યના જે તે વિભાગના ઈરીગેશન વિભાગનું હોય છે પણ આ વિભાગ નદી, નાળા, ખંનકી ઉપર થતા અતિક્રમોણો સામે હંમેશા આંખ મિચેલી રાખે છે.

દેશની મોટાભાગની નદીઓ સાવ પ્રદૂષિત બની ગયેલી છે. જે સામે પગલાં લેવાનું પ્રદૂષણ નિયંત્રણ કચેરીના શિરે નાખી દેવાયેલું છે પરંતુ જે રીતે દેશ અને ગુજરાતની નદીઓ પ્રદૂષિત બની ગયેલ છે તે જોતાં પ્રદૂષણ નિયંત્રણ કચેરી જાણે અંધશાળા બની ગઈ હોય એવું જનતાને લાગી રહ્યું છે.

અને છેલ્લે.. વાપી પૂર્વ પશ્ચિમના વહન વ્યવહારને સરળ બનાવવા બે જેટલા રેલવે અંડરબ્રીજો અને જે ટાઈપનો રેલવે ઓવરબ્રીજ ચોમાસા પહેલાં તૈયાર થઈ જશે એવી ખાતરી આ યોજનાઓ ઉપર સતત બાજ નજર રાખી રહેલાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ આપી હતી. પરંતુ વાપી વાસીઓનું માનવું છે કે જે રીતે કામ ચાલી રહ્યું છે તે જોતાં આ પુલો ચોમાસા પહેલાં કાર્યાન્વિત નહીં થશે. નાણાંમંત્રી કનુભાઈ કોઈ જાદુઈ લાકડી ધૂમાવે તો કદાચ થાય.

# વાસ્તવિકતાનો સ્વીકાર

વિક્રમકાકા ૩૫ વર્ષની સુદીર્ઘ નોકરી કરીને ખૂબ ઊંચા હોદ્દા પરથી નિવૃત્ત થાય છે. એઓ ગ્રેસફુલી રિટાયર્ડ થયા એનો એમને પરમ સંતોષ છે. એમનો નિવૃત્તિ વિદાય સમારોહ કર્મચારીઓની વિશાળ હાજરીમાં સંપન્ન થયો હતો. પ્રભાવશાળી વ્યક્તિત્વના માલિક એવા વિક્રમકાકાનો કંપનીમાં સારો એવો પ્રભાવ હતો. એઓ એવા હોદ્દા પર બિરાજમાન હતા કે પટાવાળા કે સ્ટાફ એમની કોઈ પણ સૂચનાનું પાલન કરવા હંમેશા તત્પર રહેતા. એઓ નાની સરખી પણ શારીરિક તકલીફ જણાવે તો પણ એમની સેવામાં સમગ્ર સ્ટાફ ખડે પગે હાજર થઈ જતો. એમ કહી શકાય કે એઓ કંપનીના ખર્ચે અનેક વૈભવશાળી સવલતો ભોગવીને માનભેર નિવૃત્ત થયા છે. કંપનીના નિયમો અનુસાર ૬૨ વર્ષની વયે એવો ફરજ મુક્ત થાય છે.

નિવૃત્તિ પછીના પાંચેક વર્ષો તો ખૂબ સારી રીતે પસાર થઈ જાય છે. ૬૭ વર્ષની ઉંમરે પહેલા જેવી એમની સ્વીકૃતિ હવે રહી નથી. કુટુંબમાં કે સમાજમાં પણ એમની હાજરીની નોંધ લેવાતી ધીમે ધીમે ઓછી થાય છે. પોતાના ઘરમાં પણ એમના સૂચનોને ખાસ ધ્યાનમાં લેવાતા નથી. કોઈ એમનો અભિ-ાય પણ લેવાનું ટાળે છે. એમની નાની નાની ફરિયાદો પર કોઈ ખાસ ધ્યાન પણ આપતું નથી. જીવનમાં ઉત્સાહ અને ખુમારીમાં પણ ઓટ આવે છે. એમને પોતાનું જીવન ઓશિયાળું લાગવા માંડે છે. માન અને આદર ઘટતા જવાને પરિણામે હવે પછીના બાકીના નિવૃત્તિના વર્ષો કઈ રીતે પસાર કરવા તે વિચારવા માટે એવો મજબૂર બને છે.



**ડો. જે.એમ. નાયક**
પૂર્વ આચાર્યશ્રી,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

એક દિવસ વિક્રમકાકા શાંતિથી વિચારે છે કે એમની પાસે બે વિકલ્પો છે. નાની નાની ફરિયાદો કરતા રહીને જીવવું અથવા વૃદ્ધાવસ્થાની કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરીને સંતોષ અને આનંદપૂર્વક મસ્તીથી જીવવું. ખૂબ વિચારીને એઓ બીજા વિકલ્પની પસંદગી કરે છે. એમણે સ્વીકારી લીધું કે ઉંમર વધવાની સાથે સાથે થોડી ઘણી સારી અને માનસિક આરોગ્યની મુશ્કેલી તો આવતી જ રહેશે તો પછી એ કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરીને સુખેથી શા માટે નહીં જીવવું ? એમણે હવે જીવનમાં સુખી થવા માટે સહદેવ વૃત્તિ અપનાવી લીધી. ઘરમાં કે સમાજમાં કોઈ પૂછે તો જ પોતાનો અભિપ્રાય આપવો. સામે ચાલીને ડહાપણ કરવાનું એમણે છોડી દીધું. દીકરાઓ એમના બીઝી શિડ્યુલમાંથી એમને માટે સમય નહીં ફાળવે તો પણ એઓ હકારાત્મક રીતે એવું વિચારે છે કે ગળાકાપ સ્પર્ધાના વિશ્વમાં ટકી રહેવા માટે એમને સમય નહીં મળે એ સ્વાભાવિક છે. ઘરના કોઈપણ કામમાં માથું નહીં મારવાનું એઓ મનોમન નક્કી કરી લે છે.

સમયસર ચા- નાસ્તો, લંચ કે ડિનર નહીં મળે ત્યારે પણ એઓ પોઝિટિવ એટીટ્યુડ રાખીને વિચારે છે કે ભલે મોડું તો મોડું ભોજન તો મળે છે ને ? દીકરા-વહુ બહાર ફરવા કે અન્ય કામ માટે જાય ત્યારે પણ એમને જણાવીને જતા નથી ત્યારે પણ એઓ મનોમન વિચારે છે કે રખડવા માટે તો કોઈ બહાર થોડા જાય ? કામ હશે માટે બહાર ગયા હશે.


ગમે તેવી પરિસ્થિતિમાં માનભેર જીવવાનું એઓ નક્કી કરી લે છે. સકારાત્મક વિચારો, આશાવાદી વલણ અને વાસ્તવિકતાનો સ્વીકાર કરી લેવાથી એઓ ઝડપથી પોતાનું જીવન નવેસરથી ગોઠવી લે છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારું નહીં હોય તો દુનિયાના બધા સુખો નકામા છે તેથી પોતાના સ્વાસ્થ્ય પર પૂરેપૂરું ધ્યાન આપે છે. પોતાના માટે મસ્તીથી જીવવાનું નક્કી કરી લે છે. વિક્રમકાકા હવે પોતાની દુનિયામાં મશગુલ થઈ જાય છે. એઓ વિચારે છે કે આ દુનિયામાં હું નહીં હોઉં ત્યારે પણ દુનિયા તો ચાલવાની જ છે. પરિવર્તનને એઓ સ્વીકારતા થઈ ગયા છે. ઉંમર અને સમયની સાથે વિક્રમકાકા પોતાનામાં બદલાવ લાવે છે. કડવી યાદોને એઓ ભૂલી જાય છે. મોર્નિંગ અને ઈવનિંગ વોક, લાઈબ્રેરીમાં જઈને અખબાર અને પુસ્તકો વાંચવા, મનગમતી મુવી કે નાટકો જોવા , મિત્રો સાથે નાના-મોટા પ્રવાસ કરી લેવા... વગેરે એમના જીવનને પ્રફુલ્લિત કરી દે છે.

એમના જીવન માટે હવે એમને કોઈ ફરિયાદ નથી. બાકીના જેટલા વર્ષો છે તે શાંતિપૂર્વક કોઈને પણ ડિસ્ટર્બ કર્યા વિના જીવવાનો નિર્ધાર એઓ કરી લે છે. વિક્રમકાકાએ નિવૃત્તિ પછી સન્માનપૂર્વક અને મસ્તીથી જીવવા માટે વાસ્તવિકતાનો સ્વીકાર કરી લીધો તેથી હવે એમને પોતાનું જીવન જીવવા જેવું લાગવા માંડ્યું છે.

# સનમ તેરી કસમ ૨ માં જો માવરા હશે તો હું નહીં: હર્ષવર્ધન રાણે

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૩

ફિલ્મ 'સનમ તેરી કસમ ૨' ના અભિનેતા હર્ષવર્ધન રાણેની કડક 'ચેતવણી' પછી, ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મની સિક્વલ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે પાકિસ્તાની અભિનેત્રી આગામી ફિલ્મનો ભાગ નહીં હોય. દિગ્દર્શકો રાધિકા રાવ અને વિનયે 'સનમ તેરી કસમ ૨'માંથી પાકિસ્તાની અભિનેત્રી માવરા હોકેનની હકાલપટ્ટીની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું કે પહેલગામમાં



પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદી હુમલાઓ સામે ભારતમાં કામ કરતા પાકિસ્તાની કલાકારોનું મૌન અત્યંત ચિંતાજનક છે. ભારત વિરુદ્ધ તેમની ટિપ્પણીઓ ખોટી છે અને તેની નિંદા થવી જોઈએ. નિર્માતાઓએ કહ્યું, "આતંકવાદની સ્પષ્ટ નિંદા થવી જોઈએ. ભારતમાં કામ કરતા કેટલાક કલાકારો આ મુદ્દા પર ચૂપ રહ્યા તે નિરાશાજનક છે. તેમને અહીંથી ઘણો પ્રેમ, આદર અને મોટી તકો મળી, છતાં તેમણે ભારત વિરુદ્ધ આવા આતંકવાદી કૃત્યો વિશે કંઈ કહ્યું નહીં. અમે અમારા દેશ અને સરકાર સાથે ઉભા છીએ અને તેમના નિર્ણયને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. દેશ પહેલા આવે છે અને હંમેશા રહેશે. આ પહેલા હર્ષવર્ધન રાણેએ પણ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી અને સ્પષ્ટતા કરી હતી કે જો ફિલ્મમાં પાકિસ્તાની કલાકારો હશે તો તે તેનો ભાગ નહીં બને અને સીધા જ 'ના' કહેશે. હર્ષવર્ધને 'સનમ તેરી કસમ ૨' માટે લખ્યું, "હું આ અનુભવ માટે આભારી છું, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોયા પછી અને મારુ દેશ વિશે કરવામાં આવેલી ટિપ્પણીઓ વાંચ્યા પછી, મેં નક્કી કર્યું છે કે જો જૂની કાસ્ટ ફરીથી ફિલ્મમાં જોડાવા જઈ રહી છે, તો હું 'સનમ તેરી કસમ' ભાગ ૨ નો ભાગ બનવાનો ઈનકાર કરીશ.

## સ્પોર્ટર્સ - સમાચાર

# કોહલીએ નિવૃત્તિની જાહેરાત કરતાં ભાવુક પોસ્ટ કરી

### કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા. ૧૨

ભારતીય ક્રિકેટના સ્ટાર ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરતાં કોહલીએ એક ભાવુક પોસ્ટ કરી છે.

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. તેમણે સોમવાર, ૧૨ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૪૩ વાગ્યે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિર્ણયની માહિતી આપી.

વિરાટે ટેસ્ટ જર્સીમાં પોતાનો એક ફોટો શેર કરતાં લખ્યું, "બેગી બ્લૂ જર્સી પહેરીને ટેસ્ટ ક્રિકેટમાં પહેલું પગલું મૂક્યાને ૧૪ વર્ષ થઈ ગયા. સાચું કહું તો, મેં ક્યારેય નહોતું વિચાર્યું કે આ ફોર્મેટ મને આવો અનોખો અનુભવ કરાવશે. આ રમતે મારી કસોટી કરી, મને ઘડ્યો અને એવા જીવનપાઠ શીખવ્યા જે હું હંમેશાં સાથે રાખીશ."

કોહલીએ આગળ કહ્યું, "વ્હાઈટ જર્સીમાં રમવું એ એક ખૂબ જ ખાસ અનુભવ છે. ધીરજપૂર્વક કરેલી મહેનત, લાંબા દિવસો, નાની-નાની ક્ષણો જે કોઈ નથી જોતું પણ તે હંમેશાં તમારી સાથે રહે છે. આ ફોર્મેટથી દૂર જવું સરળ નથી, પરંતુ આ નિર્ણય યોગ્ય લાગે છે. મેં અહીં મારું બધું જ આપ્યું, અને આ રમતે મને મારી અપેક્ષાઓથી ઘણું વધારે આપ્યું."

વિરાટે ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે. વિરાટ કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન પણ છે. તેઓએ ૬૮ માંથી ૪૦ ટેસ્ટ મેચ જીતી છે. વિરાટ કોહલીએ ૨૦૧૬-૨૦૧૯ દરમિયાન ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે ૪૩ ટેસ્ટ મેચમાં ૬૬.૭૯ની સરેરાશથી ૪૨૦૮ રન બનાવ્યા. તેણે ૬૯ ઈનિંગ્સમાં ૧૬ સદી અને ૧૦ અડધી સદી ફટકારી હતી. આનાથી તે ટેસ્ટ ક્રિકેટનો મહાન ખેલાડી બન્યો.

વિરાટ કોહલીએ ૨૦ જૂન, ૨૦૧૧ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામે પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમી હતી. તેમની ડેબ્યૂ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં તેમણે ૪ રન અને બીજી ઈનિંગમાં ૧૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫ની પાંચમી ટેસ્ટ મેચ વિરાટ કોહલીની અંતિમ ટેસ્ટ મેચ હતી. ૩થી ૫ જાન્યુઆરી દરમિયાન રમાયેલી આ મેચની પ્રથમ ઈનિંગમાં તેમણે ૧૭ રન બનાવ્યા હતા, જ્યારે તેમની કારકિર્દીની અંતિમ ટેસ્ટ ઈનિંગમાં તેમણે ૬ રન બનાવ્યા હતા.

# વિરાટે ટેસ્ટમાંથી સંન્યાસ લીધો તો પત્ની અનુષ્કાની કરી ભાવૂક પોસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૨ : વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી રિટાયરમેન્ટની જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું કે, ૧૪ વર્ષ બાદ તે હવે ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લઈ રહ્યો છે. તેની પત્ની એક્ટ્રેસ અનુષ્કા શર્માએ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી છે. વિરાટ, અનુષ્કાને પોતાની સૌથી મોટી સપોર્ટર માને છે. અનુષ્કાએ ક્રિકેટના મેદાનમાં બંનેની એકસાથેવાળી તસવીર શેર કરતા લખ્યું છે કે, "લોકો રેકોર્ડ્સ અને માઈલસ્ટોન્સની વાત કરશે, પણ હું એ આંસુઓને યાદ કરીશ, જે તમે ક્યારેય નથી દેખાડ્યા. એ લડાઈઓને પણ જે કોઈએ નથી જોઈ, અને આ ખેલ પ્રત્યે તમારો અતૂટ પ્રેમ."



અનુષ્કા શર્માએ આગળ લખ્યું કે, "મને ખબર છે કે, આ બધું તમારી પાસેથી કેટલું બધું લઈ ગયું. દરેક ટેસ્ટ સિરીઝ બાદ તમે વધારે સમજદાર, થોડા વધારે વિનમ્ર થઈને પરત ફર્યા, તમને આ સફરમાં ડેવલપ થતાં જોઈ મારા માટે સૌભાગ્યની વાત રહી. મેં હંમેશા વિચાર્યું હતું કે તમે સફેદ કપડાંમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી રિટાયર થશો, પણ તમે હંમેશા તમારા દિલની વાત સાંભળી અને એટલા માટે હું બસ એટલું જ કહેવા માગું છું કે, 'મારા પ્રેમ, તમે આ વિદાયનો દરેક ભાગ કમાયો છે.'"

અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે લગ્ન પહેલા, વિરાટ કોહલી તેના અફેરની અફવાઓને કારણે હેડલાઈન્સમાં રહેતો હતો. આ ક્રિકેટરની પ્રેમકથા ઘણા વર્ષો સુધી મીડિયામાં ચર્ચામાં રહી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અનુષ્કા શર્મા ૨૦૧૪માં વિરાટ કોહલીના જીવનમાં આવી હતી. ત્યાં સુધીમાં વિરાટ કોહલી ટીમ ઈન્ડિયાનો એક મહત્વપૂર્ણ ખેલાડી બની ગયો હતો.

અનુષ્કાએ આ પોસ્ટ માટે એક શાનદાર ફોટો પસંદ કર્યો. આ ફોટોમાં બંને હસતા દેખાઈ રહ્યા છે.

## ચીખલી ને.હાઈવે બાજુમાં બનાવેલ ગટર કામમાં ભ્રષ્ટાચાર

**ને.હા. નંબર ૪૮ ઉપર રોડની બાજુમાં બનાવેલ ગટરમાં વરસાદી પાણી પસાર થાય તે પહેલા જ તૂટી જતા ગટરના કામમાં વેઠ ઉતારાય હોવાનું બહાર આવ્યું.**



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા. ૧૩ :** ને.હા નંબર ૪૮ ઉપર તાજેતરમાં હાઈવે ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલ ગટર માં વરસાદનું પાણી પસાર થાય તે પહેલા જ તૂટી જતા ગટર બનાવવાના કામમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર થયો હોવાનું જોઈ શકાય છે.

ને.હા નંબર ૪૮ ઉપર ચોમાસા દરમિયાન વરસાદી પાણી રોડ ઉપર જમા ન થાય તે માટે રોડની બાજુમાં ગટર લાઈન બનાવવામાં આવી રહી છે આ ગટર લાઈન નું કામ કેટલીક જગ્યાએ પૂર્ણ થઈ જવા પામ્યું છે તો કેટલીક જગ્યાએ હજુ ચાલી રહ્યું છે ત્યારે સિમેન્ટ કોંક્રીટ થી બનાવવામાં આવેલ ગટરમાં વરસાદી પાણી પસાર થાય તે પહેલા જ તૂટી જતા ગટરના કામમાં વેઠ ઉતારાયો હોવાનું જોઈ શકાય છે.

જોકે હાઈવે ઓથોરિટી દ્વારા જે તે જગ્યાએ ગટર લાઈન બનાવવામાં આવી છે તેમાં કેટલીક જગ્યા રોડથી ઊંચી રહી છે તો કેટલીક જગ્યાએ વરસાદી પાણી ગટરમાં જાય તેવી કોઈ વ્યવસ્થા પણ નજરે જોઈ શકાતી નથી ત્યારે ને.હા નંબર ૪૮ ઉપર બનાવવામાં આવેલ ગટરના કામમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોય અને નિમ્ન કક્ષાની ગટર બનાવવામાં આવી હોય તેવું સૌ કોઈને નજરે પડી રહ્યું છે.

## બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરે નવીન મૂર્તિઓની સ્થાપના ના ૪૭મો પાટોત્સવની ઉજવણી કરાઈ







**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા. ૧૩ :** બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરે નવીન મૂર્તિઓની સ્થાપના ના ૪૭માં પાટોત્સવની સોમવારે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ સાથે ઉજવણી કરાઈ હતી. શિવ ભક્તોએ યજ્ઞનારાયણ નાં દર્શન અને મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે નવા સાંસ્કૃતિક ભવન માં ગણેશ, શ્રી રામ, લક્ષ્મણ, જાનકી, હનુમાનજી, દત્ત ભગવાન સહિત ૧૨ નવીન મૂર્તિઓની સ્થાપના કરાઈ હતી.

બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરે સોમવારે વૈશાખ સુદ પૂનમે બ્રહ્મમુહૂર્ત થી રણકતા ઘંટારવ અને ઓમ નમઃ શિવાય મંત્રોચ્ચાર સાથે ૪૭માં પાટોત્સવની હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ સાથે ઉજવણી કરાઈ હતી. શિવ ભક્તો એ યજ્ઞનારાયણ નાં દર્શન ધ્વજારોહણ સાથે મહાપ્રસાદ નો લ્હાવો લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે સદીમાં બે વેળા ના જીર્ણોદ્ધાર બાદ વર્ષ ૧૯૭૫ ના જાન્યુઆરીમા વર્તમાન નુતન શિવાલયનું ખાતમુહૂર્ત પછી ૧૮ થી ૨૨ મે ૧૯૭૮ દરમિયાન પ્રાણ પ્રતિષ્ઠા અને વાસ્તુ પૂજા દ્વારા શિવાર્પણ સાથે ૧૦૮ ફૂટ ઉંચું વર્તમાન ભવ્ય શિવાલય નું સ્વપ્ન સાકાર થયું હતું. પ્રતિ વર્ષે વૈશાખ સુદ પૂનમે પાટોત્સવ ઉજવવામાં આવે છે. મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં શ્રી સોમનાથ દાદાનું સ્વયંભૂ શિવલિંગ પ્રાચીનકાળથી યદાસ્થાને બિરાજમાન છે. શ્રી સોમનાથ મહાદેવ મંદિર અને તે અંગેની મિલકત ટ્રસ્ટના પ્રમુખ શિવજીભાઈ પટેલ અને ટ્રસ્ટી દેવચંદભાઈ પટેલ, નીતિન ગાંધી, જગદીશ મહેતા, વિનોદ દેસાઈ, પ્રદીપભાઈ, પંકજ મોદી, ઉદય પટેલ,સુરેશ તલાવિયા, પ્રકાશ પટેલ,જલારામ મંદિરના પ્રમુખ મગનભાઈ પટેલ,ભગવતીદાસ ભાઈ, કનૈયાલાલ વર્મા, સહિત અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા હતા. યુગો થી ભક્તોની આસ્થા કેન્દ્ર દક્ષિણના દાદા સોમનાથ દાદા નાં આર્શીવાદ પ્રાપ્ત કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. સોમનાથ મંદિરે રોશની ના ઝગમગાટ થી અનેરો માહોલ સર્જાયો હતો.

## ચીખલી નર્સિંગ કોલેજમાં ઈન્ટરનેશનલ નર્સિંગ દિવસની ઉજવણી કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા. ૧૩ :** ચીખલી શ્રી સ્વામિનારાયણ નર્સિંગ કોલેજમાં ઈન્ટરનેશનલ નર્સિંગ દિવસ નિમિતે પોસ્ટર, ડિબેટ અને કવીઝ સ્પર્ધાઓએ રંગ જમાવ્યો હતો. ભાવિ આરોગ્ય કર્મચારીઓ ને નર્સિંગ સેવાઓ નાં ઈતિહાસ ની ઝાંખી કરાવી, કર્તવ્ય પારાયણ ના પાઠ શિખવ્યા હતા.

૧૨ મે નાં રોજ દરવર્ષે આંતરરાષ્ટ્રીય નર્સ ડે મનાવવામાં આવે છે. વર્ષો અગાઉ યુદ્ધમાં ઘાયલ સૈનિકો ના દેવદૂત નર્સ



ફલોરેન્સ નાઈટિંગલ લેડી વિથ ધ લેમ્પ નાં માન માં વર્લ્ડ નર્સિંગ ડે ઉજવવામાં આવે છે. ચીખલી નર્સિંગ કોલેજ ના હેડ એડમિનિસ્ટ્રેટર હિતેશભાઈ નસીત એ વિદ્યાર્થીઓ ને નર્સિંગ સેવા વ્યવસાય ના ભવ્ય વારસા થી પરિચિત કરાવ્યા હતા. નર્સ એટલે આરોગ્ય સેવાઓમાં ડોકટર અને દર્દી વચ્ચે મહત્વની કડી. દર્દી ની સારવાર માં નર્સ ની ભૂમિકા મહત્વની હોય છે. આરોગ્ય કાર્યકરોની નિષ્ઠા, કરુણા અને માનવતા પ્રત્યેની મહાન સેવાઓના સન્માન માટે નર્સિંગ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ એ વિવિધ પ્રશ્નોતરી, ડિબેટ સ્પર્ધા માં ભાગ લીધો હતો. જે થકી ભાવિ આરોગ્ય કર્મી એવા વિદ્યાર્થીઓને જ્ઞાન પીરસ્યું હતું. નર્સોના અમૂલ્ય યોગદાનને બિરદાવતા પોસ્ટર સહિત સ્પર્ધાઓએ રંગ જમાવ્યો હતો

## ચીખલીમાં વરસાદ બાદ હવે બફારો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ચીખલી, તા. ૧૩ :** ચીખલી તાલુકામાં થોડા દિવસો અગાઉ ધોધમાર વરસાદ થયા બાદ હવે બફારો નીકળતા લોકો ગરમીથી રેબઝેબ થઈ રહ્યા છે.

ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં થોડા દિવસો અગાઉ ધોધમાર વરસાદ વરસ્યો હતો જે વરસાદને લઈ કેરીના પાકને તથા શાકભાજીના પાકને મોટું નુકસાન થવા પામ્યું હતું એટલું જ નહીં પરંતુ ચક્રવાતી તુફાન આવતા ૫૦થી વધુ ગામોના રહીશોના છતના પતરા પણ ઉડી ગયા હતા અને તેવા પરિવારોને પણ મોટું નુકસાન થયું હતું જોકે વરસાદ થયા બાદ હવે છેલ્લા બે દિવસથી બફારો નીકળતા લોકો પસીને રેબઝેબ થઈ રહ્યા છે અને હવે વધુ ગરમી સહન કરવી પડી રહી છે.

## બીલીમોરામાં ગુરુવારે વિનામુલ્યે નેત્રયજ્ઞનું આયોજન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા, તા. ૧૩ :** જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા છેલ્લાં ૫૦ વર્ષથી બીલીમોરા શહેર ગણદેવી, ચીખલી, આહવા અનેડાંગ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માનવ કલ્યાણના કાર્યો કરી રહયું છે.

જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરા તથા રોટરી આઈ ઈન્સ્ટીટયુટ નવસારીના સયુંકત ઉપક્રમે ૧૫ મે ના ગુરુવારે સવારે ૯ થી બપોરના ૧૨ વાગ્યા સુધી બીલીમોરા વાંકા મહોલ્લા સ્થિત કલ્યાણ ચેમ્બર્સ ના એમવી શાહ જાયન્ટ્સ હોલમાં વિનામૂલ્યે નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આંખની તકલીફ ધરાવતા દર્દીઓને લીલાબેન એમ શાહ હોસ્પિટલ નવસારીના નિષ્ણાંત ડૉક્ટરો દ્વારા વિનામૂલ્યે તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપશે.મોતિયા, ઝામર તથા વેલની ખામી ધરાવતા દર્દીઓને બીલીમોરાથી નવસારી વિનામૂલ્યે વાનમાં લઈ જઈ રોટરી આઈ હોસ્પિટલમાં વિનામૂલ્યે ઓપરેશન થયા બાદ પરત બીલીમોરા મૂકી જવાની વ્યવસ્થા કરવામાં આવશે. વિનામૂયે નેત્રયજ્ઞ પ્રોજેક્ટ કાયમી ધોરણે પ્રત્યેક મહિનાના ત્રીજા ગુરૂવારે ઉપરોક્ત સ્થળ સમયે કાર્યરત રહેશે.

દર્દીઓએ પોતાના નામ જાયન્ટ્સ ગ્રુપ ઓફ બીલીમોરાના પ્રમુખ જા.પ્રા.બી એચ પટેલ (મો. ૯૮૨૫૬ ૬૩૧૮૧),વહીવટી નિયામક જા. હસમુખભાઈ પટેલ (મો. ૯૯૦૪૪ ૦૦૬૮૪) તથા પ્રોજેક્ટ ચેરમેન જા.દીપકભાઈ ગાંધી (મો.૯૮૨૫૨૨૪૭૫૯) ને મોબાઈલ દ્વારા નોંધાવી શકશે.

## આહવા સરકારી નર્સિંગ સ્કુલમાં આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી કરાઇ




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૧૩ :** આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી નિમિત્તે વર્ષ ૨૦૨૫ માટે ICN દ્વારા નક્કી થયેલ અવર નર્સ, અવર ફ્યુચર, ધ ઈકોનોમીક પાવર ઓફ કેર થીમ આધારીત આજરોજ ડાંગ જિલ્લાની એક માત્ર નર્સિંગ સ્કુલ ખાતે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જનરલ હોસ્પિટલ આહવાના અધિક્ષક મિતેષ કુનભી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓએ નર્સિંગ કેર અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ડોક્ટર અને દર્દીને સાંકળતી એક મહત્વની કડી નર્સ છે. કોઈપણ પ્રકારની આરોગ્ય સંબંધી સેવા પુરી પાડવામાં નર્સનો ફાળો ખુબ જ અગત્યનો છે. દર્દીની સારવારમાં નર્સિંગ કેરનો મહત્વનો ફાળો છે. નર્સિંગ કેર એટલે ફક્ત દર્દીને દવા અને ઈન્જેક્શન આપવા એટલું જ નહી પરંતુ નર્સિંગ કેર થકી દર્દીની સારવાર કરતી વખતે હોસ્પિટલમાં ઘર જેવું વાતાવરણ બનાવી આરોગ્ય સંબંધીત શિક્ષણની યોગ્ય સમજણ આપી સારવાર કરવાનો છે. નર્સીંગ સ્કુલ આહવાના આચાર્યા મંજુલાબેન ડી.ગામીતે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસજ્ઞ ની ઉજવણીનો ખ્યાલ આપ્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, આરોગ્ય સેવાઓમાં નર્સના યોગદાનને ધ્યાનમાં લઈને સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૨ મેને આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નર્સીંગ વ્યવસાયમાં રહેલા નાગરિકોના સમર્પણ, સેવા અને મહેનતને બિરદાવાનો છે. આ દિવસ વિશ્વના નર્સો માટે એક ખુબ જ વિશિષ્ટ અને ગૌરવનો દિવસ છે. ૧૨ મેને પસંદ કરવાનો ખાસ કારણ એ છે કે આ દિવસે જગ વિખ્યાત નર્સિંગની મા તરીકે ઓળખાતી નર્સ ફલોરેન્સ નાઈટિંગલનો જન્મદિવસ છે. નર્સ માત્ર વ્યવસાય નથી, તે એક સેવા છે.

## નાગરિક સંરક્ષણ દળમાં માનદ સેવા આપવા માંગતા, દળમાં જોડાવા માંગતા જોગ સંદેશ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૧૩ :** નાગરિક સંરક્ષણ દળ (સિવિલ ડિફેન્સ) નાગરિકોનું બનેલુ એક સ્વયંસેવક દળ છે. નાગરિક સંરક્ષણનો ધ્યેય કોઈ પણ હુમલા પછી તરત આવશ્યક સેવાઓ, ઔદ્યોગિક એકમો અને જનજીવન પુર્વવત કરવાનો છે. તેમજ મુખ્ય ઉદ્દેશ નાગરિકોના જીવન-મિલકતનું રક્ષણ કરવું, ઉત્પાદનની પ્રક્રિયા સતત જાળવી રાખવી, નુકશાનીનું પ્રમાણ લઘુતમ કરવુ, અને નાગરિકોનું નૈતિકબળ ટકાવી રાખવા અને તે માટે નાગરિકોને તાલિમબધ્ધ કરવાનું છે. જેમાં પુખ્ત વયના નાગરિકો જોડાઈને માનદ સેવા આપી શકે છે. અને ૧૯૬૨ ના ભારત-ચીન યુધ્ધથી આજદિન સુધી સિવિલ ડિફેન્સની માનદ સેવા રાષ્ટ્રને સમર્પિત રહી છે. સુરતમાં પણ સને ૧૯૯૭થી સિવિલ ડિફેન્સની સરાહનીય કામગીરી કરી રહી છે.

જેમાં ૧૬૦૦૦થી વધુ નાગરિકો સિવિલ ડિફેન્સની તાલીમ મેળવી ચુક્યા છે, અને સિવિલ ડિફેન્સના વોર્ડનોને મુખ્યમંત્રી પદક તેમજ રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત પણ કરાયા છે.

નાગરિક સંરક્ષણ દળમાં માનદ સેવા આપવા માંગતા/જોડાવા માંગતા પુખ્ત વયના નાગરિકોએ નીચે જણાવેલ નંબર/કચેરી પર બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, રહેઠાણ, ઉંમર તથા ઓળખના પુરાવા મોકલી આપવા અનુરોધ કરાયો છે. (૧) વોટ્સએપ નંબર - ૯૯૨૫૨ ૭૫૭૫૧ (૨) નાગરિક સંરક્ષણની કચેરી, સી-૭, બહુમાળી ભવન, નાનપુરા, સુરતના સરનામે મોકલી આપવા નાયબ નિયંત્રક નાગરિક સંરક્ષણના આર.જે.ચૌધરીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.





## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૪-૦૫-૨૦૨૫, **વારઃ** બુધવાર **તિથિઃ** બીજ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧
**સૂર્ય ઉદયઃ** ૦૫:૫૯ **સૂર્ય અસ્ત :** ૧૯:૧૨ **ચંદ્રરાશિઃ** વૃશ્ચિક

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** *આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે.*

**વૃષભ(બ.વ.ઉ) :** *તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.*

**મિથુન(ક.છ.ઘ) :** *આજે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે.*

**કર્ક(ડ.હ) :** *આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.*

**સિંહ(મ.ટ.) :** *આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે.*

**કન્યા(પ.ઠ.ણ.) :** *આજે તમારે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે.*

**તુલા (ર.ત.) :** *આજે માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે.*

**વૃશ્ચિક(ન.ય.) :** *આજના દિવસે મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે.*

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** *આજના દિવસે તમે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો.*

**મકર(જ.ખ) :** *તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા.*

**કુંભ(ગ.શ.સ.) :** *આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે.*

**મીન(દ.ચ.ઝ.થ.) :** *આજે એવો દિવસ છે કે જ્યારે તમે ઈછશો ત્યારે આરામ કરી શકશો.*

## ડાંગમાં ગલકુંડના યુવાને શાકભાજીનું વાવેતર કરી વર્ષે રૂ. ૪ લાખ થી વધુ આવક મેળવે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**આહવા, તા. ૧૩ :** 'આપણુ ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાન અંતર્ગત રાજ્યના દક્ષિણ છેવાડે આવેલ પ્રદેશ ડાંગને, વર્ષ ૨૦૨૧ માં સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી યુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સઘન પ્રયાસો શરૂ કર્યા છે સાથે જ સમગ્ર દેશમાં ૧ કરોડ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંતર્ગત આવરી લેવા માટેની જાહેરાત કરવામાં આવી છે.



ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સઘન પ્રયાસોથી, આજે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. ડાંગને પ્રાકૃતિક ખેતી યુક્ત જિલ્લો જાહેર કર્યા બાદ અહીં ખેતી સાથે સંકળાયેલા આદિજાતિ યુવાનોના જીવનમાં નોંધપાત્ર પરિણામ જોવા મળ્યું છે. આહવા તાલુકાના ગલકુંડ ગામે રહેતા રાજુભાઈ સાહરેની સાફલ્ય ગાથા પ્રાકૃતિક ખેતીની સફળતાને દર્શાવે છે.

એક હેક્ટર વિસ્તારમાં ટપક સિંચાઈ પદ્ધતિથી ખેતી શરૂ કરી, તેઓ વર્ષો થી પારંપરિક પાકો જેવાં કે નાગલી, ડાંગર, વરઈ વગેરે પાકોની ખેતી કરી કરતાં આવ્યાં છે. પરંતુ આત્મનિર્ભર બનવાનો નિર્ધાર કરી બાગાયતી પાકોની ખેતી શરૂ કરી જેમાં તેઓએ સરકારના બાગાયતી વિભાગ માંથી વિવિધ સરકારી પાકો માટે સહાય મેળવી છે.

રાજુભાઈ બુધાભાઈ સાહરેએ બાગાયતી વિભાગ દ્વારા તાલીમ મેળવીને વૈજ્ઞાનિક અભિગમ સાથે બાગાયતી ખેતી શરૂ કરી હતી. આજે તેઓ બાગાયતી પાકો માંથી વર્ષે ૪ લાખ થી વુધની આવક મેળવી રહ્યાં છે. પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી તેઓ પ્રાકૃતિક ખેતની મુખ્ય આયામો જીવામૃત, ઘનજીવામૃત તેમજ છાણીયા ખાતરનો ઉપયોગ કરીને ખેતી કામ કરી રહ્યાં છે. રાજુભાઈ જણાવે છે કે, પ્રાકૃતિક ખેતીમાં સારી ઉપજ મળવાથી તેમણે વિવિધ પાકો લેવાનું શરૂ કર્યું. જેમાં તેઓએ મલ્ચીંગ અને ટપક સિંચાઈ પદ્ધતિથી મરચાં, કારેલા, ટાંમેટા વગેરેની ખેતી કરી.

તેમના પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી ના અનુભવો જણાવતા રાજુભાઈ કહે છે, ક્ર્આ પદ્ધતિથી ઉપજ સારી મળી રહી છે. અમે સિઝન પ્રમાણે કારેલા, ટાંમેટા, ફણસી, ડાંગર વગેરે પાક વાવીએ છીએ. બ્રોકલી ડાંગના લોકો વચ્ચે બહુ પ્રચલિત નથી પણ મેં તેનો પ્રયોગ કર્યો હતો. આ વર્ષે કાકડીની ખેતીમાં સારો નફો મળવાની આશા છે. સરકાર તરફથી મળતી સહાય અંગે તેમણે કહ્યું, અમને બાગાયતી વિભાગ તરફથી સબસિડી મળે છે. અમને અધિકારીઓ તરફથી જરૂરી તાલીમ અને સહાય બન્ને મળે છે. બાગાયતી વિભાગ દ્વારા કાચા મંડપ, બિયારણ, પ્લાસ્ટિક આવરણ, પેકિંગના મટેરિયલ્સ અને આંબા કલમ માટે સહાય આપવામાં આવી છે.

### દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

**બુધવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 14, May 2025


## પાકિસ્તાને હજુ સંઘર્ષનાં ઘણાં પરિણામ ભોગવવાનાં છે

ભારત અને પાકિસ્તાન સંઘર્ષ વિરામ પર સહમત થઈ ગયા છે, જે લાગુ પણ થઈ ગયો છે. જોકે પોતાની આદત નહીં છોડનારા પાકિસ્તાન સંઘર્ષ વિરામના થોડા જ કલાકો બાદ તેનું ઉલ્લંઘન કરવા લાગ્યું, પરંતુ ભારત તરફથી જડબાતોડ જવાબ મળતાં હવે હાલમાં ઢીલું પડી ગયુંછે. આશા છે કે બંને ડીજીએમઓ વચ્ચે સંભવતઃ અટરી સીમા પર વાતચીત થશે, જે માત્ર સંઘર્ષ વિરામ જાળવી રાખવા અને તેની સાથે જોડાયેલા અન્ય પાસાં પર કેન્દ્રિત હશે. કોઈ બીજો વિષય નહીં ઉઠાવવામાં આવે. જો આગળ કોઈ વાતચીત થશે પણ, તો રાજકીય સ્તર પર થશે. ડીજીએમઓ વચ્ચે આખરી બેઠક ડિસેમ્બર, ૨૦૧૩માં થઈ હતી, જ્યારે ભારતે પાકિસ્તાન દ્વારા સતત સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરવા પર આકરો વાંધો ઉઠાવ્યો હતો. ત્યારે સંઘર્ષ વિરામ પર સહમતિ બન હતી, જે હાલના સંકટ સુધી યથાવત રહી.

વર્તમાન બેઠક બંને પક્ષો તરફથી કેટલાક દિવસો સુધી રણનીતિક ઉદ્દેશ્યો માટે ચાલેલા ગહન સૈન્ય અભિયાનો બાદ થઈ રહી છે. પાકિસ્તાનની મોટાભાગની મિસાઈલો અને ડ્રોન નષ્ટ કરી દેવાયાં, જ્યારે ભારતીય મિસાઈલો ખુલ્લેઆમ પોતાનાં લપ્રયો ભેદતી હતી. ભારત દ્વારા તેના કેટલાય હવાઈ અડ્ડાને નિશાનો બનાવ્યા બાદ પાકિસ્તાનમાં દહેશત ફેલાવી શરૂ થઈ ગઈ, જેનાથી તે અસ્થાયી રૂપે બેકાર થઈ ગયાં. તે ઉપરાંત કેલાક પાકિસ્તાની વિમાન પણ નષ્ટ કરી દેવામાં આવ્યાં. પાકિસ્તાને દાવો કર્યો કે તેણે માત્ર સૈન્ય ઠેકાણાં પર હુમલો કર્યો હતો, પરંતુ હકીકત તેનાથી બિલકુલ અલગ હતી. તેણે રહેણાંક વિસ્તારોને નિશાનો બનાવ્યાં, જેનાથી નિર્દોષ નાગરિકોનાં મોત થયાં, જેને કારણે ભારતે તેના ડ્રોન લોન્ચ પેડને નિશાનો બનાવવો પડ્યો. ભારતે સામાન્ય નાગરિકોને ઘણી હદ સુધી ક્ષતિથી બચાવી લીધા છે.

કોઈપણ સંઘર્ષને ચાલુ રાખવા માટે અર્થવ્યવસ્થા, તેલ અને દારૂગોળાનો ભંડાર જરૂરી છે. આ મોરચે પાકિસ્તાન પછાત છે. એવા સમાચારો છે કે તેના તેલ ભંડાર ઝડપથી ખતમ થઈ રહ્યા છે અને તેણે પોતાના લોકોને તેલનું વેચાણ સીમિત કરી દીધું છે. હિંદ મહાસાગર પર હાવી ભારતીય નૌકાદળ પાકિસ્તાની બંદરોની નાકાબંધી કરી શકે છે, જેનાથી તેલ લઈ જનારાં જહાજોની આવાજાહી ખોરવાઈ શકે છે. પ?િમ એશિયાઇ દેશ, જે પહેલાં તેને તેલની અસીમિત આપૂર્તિ કરતા હતા, હવે તેઓ એવું નથી કરતા. તે ઉપરાંત, પાકિસ્તાન જેવા દેવામાં ડૂબેલા દેશ સંઘર્ષમાં ઉતરવાથી વધારે ડૂબી જશે, જેમાંથી બહાર આવવું તેના માટે મુશ્કેલ થઈ જશે. જો સૈન્ય કાર્યવાહી શરૂ થાય છે, તો પાકિસ્તાન લાંબા સમય સુધી યુદ્ધમાં ટકી નહીં શકે. સાથે જ પાકિસ્તાન પોતાની વિચારધારા સાથે બંધાયેલું છે. તેણે પોતાના નાગરિકો સામે ખુદને ભારત કરતાં બહેતર ગણાવ્યું છે, જ્યારે તેના સૈન્ય અને અસૈન્ય, બંને નેતા પોતાની ખામીઓ જાણે છે. આ ત્યારે છે, જ્યારે પાકિસ્તાન ભારતથી દરેક યુદ્ધ હારતું રહ્યું છે. પહેલગામ આતંકી હુમલાના ઠીક પહેલાં બે રાષ્ટ્ર સિદ્ધાંત પર જનરલ અસીમ મુનીરનું નિવેદન તેનું ઉદાહરણ છે. પાકિસ્તાન પાસે એક સંગઠિત બનાવટી મીડિયા નેટવર્ક છે, જેને તેની સેનાનું મીડિયા સેલ (ડીજીઆઈએસપીઆર) નિયંત્રિત કરે છે. જ્યારે એક લોકતંત્ર હોવાના નાતે ભારત પાસે આવી કોઈ સંગઠિત સંસ્થા નથી. પાકિસ્તાનના ડીજીઆઇએસપીઆરમાં સેંકડો એવા ઇન્ટર્ન છે, જેનું એકમાત્ર કામ ખોટા સમાચારો ફેલાવવાનું છે, જેમાં તેના સશસ્ત્ર દળોની સફળતા અને ભારતની નિષ્ફળતા ઉજાગર કરવામાં આવે છે. છેલ્લા કેટલાય વર્ષોથી આ જ તેનું વલણ રહ્યું છે. તેમાંથી કેટલાંય હેન્ડલ ભારતીય નામે ચાલે છે, જેનાથી ભારતીય વાચકો માટે ભ્રમની સ્થિતિ પેદા થાય છે.

# ઓપરેશન સિંદૂરની ગુંજ આખી દુનિયાએ સાંભળી : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**આદમપુર, તા.૧૩ :** પંજાબઃ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર વધુ એક પ્રહાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ પંજાબના આદમપુર એરબેઝને ઉડાવી દેવાનો દાવો કર્યો હતો અને તેની હવાઈ સંરક્ષણ પ્રણાલી S-400 ને નષ્ટ કરવાનું જુઠ્ઠું ફેલાવ્યું હતું. મંગળવારે વડાપ્રધાન મોદી એ જ આદમપુર એરબેઝ પર હતા. તેમની પાછળ એ જ S-400 હતું, જેને પાકિસ્તાને ઉડાવી દેવાનો દાવો કર્યો હતો. પીએમ મોદીએ સ્પષ્ટ સંદેશ આપ્યો કે, માત્ર યુદ્ધમાં જ નહીં, પણ જમીન પર પણ પાકિસ્તાની સેના ક્યાંય ટકી શકશે નહીં.

આ દરમિયાન, વડાપ્રધાન મોદીએ ભારતીય વાયુસેનાના સૈનિકો સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ જણાવ્યું કે, આજે સવારે મેં AFS આદમપુરની મુલાકાત લીધી અને આપણા બહાદુર વાયુ યોદ્ધાઓ અને સૈનિકોને મળ્યા હતા. હિંમત, દૃઢ નિશ્ચય અને નિર્ભયતા જેવા ગુણો ધરાવતા લોકો સાથે રહેવું ખૂબ જ ખાસ અનુભવ હતો. ભારત હંમેશા આપણા સશસ્ત્ર દળોનો આભારી રહેશે, જે આપણા દેશ માટે કરે છે. આ પછી, પીએમ મોદીએ આદમપુર એરબેઝથી જ પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો હતો.

ઓપરેશન સિંદૂરનો પડઘો દરેક ખૂણે સંભળાઈ રહ્યો છે. આ સમગ્ર ઓપરેશન દરમિયાન દરેક ભારતીય તમારી સાથે ઉભો રહ્યો છે. દરેક ભારતીયની પ્રાર્થના તમારી સાથે છે. આજે દેશનો દરેક નાગરિક તેના સૈનિકો અને તેમના પરિવારોનો ઋણી છે. ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે ભારતની નીતિ, ઈરાદા અને નિર્ણય લેવાની ક્ષમતાનો સંગમ છે.

પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે રાતના અંધારામાં સૂર્ય ઉગે છે અને દુશ્મનોને દેખાય છે, ત્યારે ભારત કી જય. દાયકાઓ પછી પણ, જ્યારે ભારતની આ બહાદુરીની ચર્ચા થશે, ત્યારે તમારી અને તમારા સાથીની પ્રશંસા થશે. આ આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે. વીરોની આ ભૂમિ પરથી, હું સેના, નૌકાદળ અને વાયુસેનાના તમામ બહાદુર સૈનિકો અને બીએસએફના નાયકોને સલામ કરું છું.

પીએમ મોદીએ કહ્યું કે, ભારત તરફ જોવું એકમાત્ર પરિણામ વિનાશ હશે. ભારતના લોકોનું લોહી વહેવડાવવાનું એક જ પરિણામ આવશે - વિનાશ. ભારતે આતંકવાદીઓને રક્ષણ આપતી પાકિસ્તાની સેનાને પણ હરાવી દીધી છે. પીએમ મોદીએ કહ્યું કે, પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા નથી, જ્યાં આતંકવાદીઓ છુપાઈને શાંતિથી સૂઈ શકે.

પીએમ મોદીએ કહ્યું કે, ભારત બુદ્ધની ભૂમિ છે અને ગુરુ ગોવિંદ સિંહની પણ ભૂમિ છે. અન્યાયનો અંત લાવવા માટે શસ્ત્રો ઉપાડવાની આપણી પરંપરા રહી છે. જ્યારે અમારી દીકરીઓના કપાળ પરનું સિંદૂર છીનવાઈ ગયું, ત્યારે અમે તેમના ઘરમાં ઘૂસી ગયા અને તેમના પર હુમલો કર્યો હતો. તેઓ ભૂલી ગયા કે, તેઓ જેને પડકાર ફેંકી રહ્યા હતા, તે ભારતીય સેના હતી. તમે સામે હુમલો કર્યો અને તેમને મારી નાખ્યા હતા. તમે આતંકવાદના ઠેકાણાઓનો નાશ કર્યો હતો. ઓપરેશન સિંદૂરનો પડઘો દરેક ખૂણે સંભળાઈ રહ્યો છે. આ સમગ્ર ઓપરેશન દરમિયાન દરેક ભારતીય તમારી સાથે ઉભો રહ્યો હતો. દરેક ભારતીયની પ્રાર્થના તમારી સાથે છે. આજે દેશનો દરેક નાગરિક તેના સૈનિકો અને તેમના પરિવારોનો ઋણી છે. ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે ભારતની નીતિ, ઈરાદા અને નિર્ણય લેવાની ક્ષમતાનો સંગમ છે. પીએમ મોદીએ કહ્યું, જ્યારે રાતના અંધારામાં સૂર્ય ઉગે છે અને દુશ્મનોને દેખાય છે, ત્યારે ભારત કી જય. દાયકાઓ પછી પણ, જ્યારે ભારતની આ બહાદુરીની ચર્ચા થશે, ત્યારે તમારી અને તમારા સાથીની પ્રશંસા થશે. આ આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે. વીરોની આ ભૂમિ પરથી, હું સેના, નૌકાદળ અને વાયુસેનાના તમામ બહાદુર સૈનિકો અને બીએસએફના નાયકોને સલામ કરું છું. વાયુસેનાના યોદ્ધાઓ અને વાયુસેનાના કર્મચારીઓને મળ્યા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને વિજય સંદેશ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, આ એક નવું ભારત છે, આ એક એવું ભારત છે, જે ઘૂસીને મારે છે. દુનિયાએ હમણાં જ ભારતની શક્તિ જોઈ છે. તમે બધાએ દરેક ભારતીયને ગર્વ અપાવ્યો છે. તેનાથી દરેક ભારતીયને ગર્વ થયો. તમે ઈતિહાસ રચ્યો.

# જાતિ આધારિત વસ્તી ગણતરી માટે કાયદામાં સુધારાની જરૂર નથીઃ સરકાર

### ભારતમાં બ્રિટશરોના રાજ દરમિયાન ૧૮૮૧થી ૧૯૩૧ સુધી થયેલી વસ્તી ગણતરી દરમિયાન તમામ જાતિઓની ગણતરી કરવામાં આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩

આગામી વસ્તી ગણતરી દરમિયાન જાતિ ગણતરી માટે આશરે ૭૦ વર્ષ જૂના હાલના વસ્તીગણતરી ધારામાં કોઈ સુધારો કરવાની જરૂર પડશે નહીં. ૧૯૪૮ના આ કાયદામાં છેલ્લે ૧૯૯૪માં સુધારો કર્યો હતો. આ કાયદા મુજબ કેન્દ્ર સરકારને ફોર્મમાં ઉલ્લેખિત વિગતો માંગવાની સત્તા મળે છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.ભારતમાં બ્રિટશરોના રાજ દરમિયાન ૧૮૮૧થી ૧૯૩૧ સુધી થયેલી વસ્તી ગણતરી દરમિયાન તમામ જાતિઓની ગણતરી કરવામાં આવી હતી. પરંતુ ૧૯૫૧માં સ્વતંત્ર ભારતની પહેલી વસ્તી ગણતરી સમયે તત્કાલીન સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાય હવે કોઈ પણ જાતિની ગણતરી ન કરવાનો નિર્ણય કર્યો હતો. એક દાયકા પછી, ૧૯૬૧માં કેન્દ્ર સરકારે રાજ્યોને કહ્યું હતું કે તેઓ પોતાના સર્વેક્ષણ કરે અને જો તેઓ ઈચ્છે તો રાજ્ય વિશેષ OBC યાદીઓ તૈયાર કરે. આશરે છ દાયકા પછી અને અનેક વર્ગો અને વિવિધ પક્ષોની માંગણીઓ પછી સરકારે ગયા મહિને આગામી રાષ્ટ્રવ્યાપી વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો હતો.

કાયદાની કલમ ૮નો ઉલ્લેખ કરીને, અધિકારીઓએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી અધિકારી તેમને પૂછવાની સૂચના આપવામાં આવી હોય તેવા તમામ પ્રશ્નો પૂછી શકે છે. જે વ્યક્તિને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેનો જવાબ આપવા તે વ્યક્તિ કાનૂની રીતે બંધાયેલ છે. વ્યક્તિ પોતાની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ પ્રશ્નનો જવાબ આપી શકે છે.

જોકે કોઈપણ સ્ત્રી તેના પતિ અથવા મૃત પતિનું નામ કે રિવાજ મુજબ જેનું નામ લેવાની તેને મનાઈ હોય તેવી કોઈપણ વ્યક્તિનું નામ જણાવવા માટે બંધાયેલી રહેશે નહીં. વસ્તી ગણતરી અધિકારીઓ સાથે શેર કરાયેલી વિગતોનો ઉપયોગ કોઈની વિરુદ્ધ કરી શકાતો નથી અને તે ગુપ્ત છે.

# ભારત સાથે ૩ મુખ્ય મુદ્દા પર ચર્ચા થવી જોઈએ : પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઈસ્લામાબાદ, તા.૧૩ : તમને જણાવી દઈએ કે સોમવારે સાંજે, પાકિસ્તાન સાથે યુદ્ધવિરામના ૫૧ કલાક પછી, પીએમ મોદીએ રાત્રે ૮ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું. પીએમએ કહ્યું કે અમે તે આતંકવાદીઓને ખતમ કરી દીધા છે જેમણે આપણી માતાઓ અને બહેનોના સિંદૂર લૂછી નાખ્યા હતા. વધુમાં જણાવ્યું કે અમારા ઓપરેશનમાં ૧૦૦ થી વધુ ખતરનાક આતંકવાદીઓ માર્યા ગયા છે. પીએમએ કહ્યું કે પાકિસ્તાનની વિનંતી પર, ભારતે સંઘર્ષ રોકવા માટે સંમતિ આપી છે. તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાન સામે ફક્ત લશ્કરી કાર્યવાહી મુલતવી રાખી છે. હવે અમે પાકિસ્તાનનું વલણ જોઈને આગળની કાર્યવાહી નક્કી કરીશું. અમે પાકિસ્તાન સાથે ફક્ત આતંકવાદ અને પીઓકે પર જ વાત કરીશું. પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે આક્રમક વલણ રાખીને ઓપરેશન સિંદૂરને અંજામ આપ્યો. જેમાં ૭મી મેના રોજ પાકિસ્તાન અને તેના કબજાવાળા કાશ્મીરમાં લશ્કર એ તૈયબા, હિજબુલ મુજાહિદ્દીન અને જૈશ એ મોહમ્મદના ૯ આતંકી ઠેકાણાઓને નષ્ટ કરવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

આ ઓપરેશનમાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ ૧૦મી મેના રોજ ભારત અને પાકિસ્તાન શસ્ત્ર વિરામ પર સહમત થયા હતા. સોમવારે અને ૧૨ મેના રોજપીએમ મોદીએ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર દેશને સંબોધન કર્યું. આ સંબોધનમાં પાકિસ્તાનની વારંવાર ન્યૂક્લિયર ધમકીઓ ઉપર પણ પીએમ મોદીએ મોટું નિવેદન આપ્યું હતું.

ઓપરેશન સિંદૂર પર પીએમ મોદીના ભાષણ પછી, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનું એક નિવેદન પ્રકાશમાં આવ્યું છે. ખ્વાજા આસિફે કહ્યું કે ભારત સાથે ૩ મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ. આસિફે કહ્યું કે ભારત સાથે સિંધુ જળ સંધિ અને બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર વાતચીત થવી જોઈએ. આ ઉપરાંત તેમણે કહ્યું કે કાશ્મીરના મુદ્દા પર પણ ચર્ચા થવી જોઈએ. આ સાથે તેમણે પીએમ મોદી અંગે પણ એક મોટું નિવેદન આપ્યું છે.

### બાતમી આપનારાને ૨૦ લાખનું ઈનામ

# કાશ્મીરમાં પહલગામ હુમલાના આતંકીઓના પોસ્ટર જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
પહલગામ, તા.૧૩ : જમ્મુ-કાશ્મીરના પહલગામમાં બૈસરન ખીણમાં આતંકી હુમલામાં નિર્દોષ ૨૬ લોકોના જીવ લેનારા આતંકવાદીઓ ૨૦ દિવસ બાદ પણ પકડાયા નથી. તેમની ધરપકડ કરવા પોલીસે અને સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા છે. તેમજ તેની બાતમી આપનારા માટે રૂ. ૨૦ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોની ટીમે મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરી હુમલાખોર આતંકવાદીઓની ધરપકડ કરવાની આકરી કવાયત હાથ ધરી છે. તેમ છતાં તેઓ હજુ સુધી પકડ્યા નથી. પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ બૈસરન ખીણમાં પર્યટકો પર અંધાધૂધ ગોળીબાર કરી ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ૨૬ નિર્દોષની તેમના જ પરિવારની સામે હત્યા કરી હતી. આ ઘટનાથી ભારત સહિત વિશ્વમાં ખળભળાટ મચ્યો હતો. આતંકવાદને વર્ષોથી પોષનારૂ અને સમર્થક પાકિસ્તાનની ભારે ટીકાઓ થઈ હતી. ભારતીય સેનાની ત્રણેય પાંખોએ આ હુમલાનો બદલો લેવા ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જેમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણા નષ્ટ કર્યા હતાં. જેમાં ૧૦૦ જેટલા આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. ભારતીય સેના દ્વારા ૭ મેના રોજ આતંકવાદનો સફાયો કરવા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. ૭થી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ બાદ સીઝફાયર પર સહમતિ આપવામાં આવી હતી. આ સીઝફાયર બાદ ગઈકાલે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, પહલગામ આતંકી હુમલામાં ભારતીય મહિલાઓના સિંદૂર ઉજાડનારાને સજા આપવાના ભાગરૂપે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું હતું. જ્યારે જ્યારે આતંકવાદીઓ વિરૂદ્ધ કાર્યવાહીની જરૂર પડી ત્યારે ઓપેરશન સિંદૂર હાથ ધરાશે. આ કાર્યવાહીમાં દેશનું સામાર્થ્ય અને સંયમ બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું.

આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વીરતાને બિરદાવું છું.

### ઓપરેશન સિંદૂર બાદ હવે શું?

# ૧૪ મેના રોજ યોજાશે હાઈ લેવલ બેઠક : નવો પ્લાન બનાવાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩ : 'ઓપરેશન સિંદૂર' બાદ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા નીતિમાં મોટો ફેરફાર આવ્યો છે. આ દરમિયાન, સરકારે ૧૪ મેના રોજ સવારે ૧૧ વાગ્યે દિલ્હીમાં હાઈ લેવલ બેઠક બોલાવી છે. બુધવારે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બેઠક યોજાશે, જેની અધ્યક્ષતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. આ બેઠકમાં 'ઓપરેશન સિંદૂર' બાદની રણનીતિ, પહલગામ આતંકી હુમલાની તપાસ અને પાકિસ્તાનને આપવામાં આવનારી આગામી ચેતવણી કે જવાબી કાર્યવાહી અંગે ચર્ચા થશે. એવું માનવામાં આવે છે કે આ બેઠકમાં રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સંકળાયેલા ટોચના અધિકારીઓના રિપોર્ટ અને ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બે વખત બેઠક યોજાઈ ચૂકી છે. પ્રથમ બેઠક ૨૩ એપ્રિલે યોજાઈ હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે પહલગામ હુમલામાં ૨૫ ભારતીય અને એક નેપાળી નાગરિકનું મૃત્યુ થયું હતું. બીજી બેઠક ૩૦ એપ્રિલે વડાપ્રધાનના નિવાસસ્થાને યોજાઈ હતી, જેમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. તે પછી જ સેનાને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી અને ત્રણેય સેનાઓએ સંયુક્ત રીતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. CCS એ દેશની ટોચની સુરક્ષા નીતિ નિર્ધારણ સંસ્થા છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સામેલ છે. આપને જણાવી દઈએ કે, ૧૪ મેની મહત્વની બેઠક પહેલાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સવારે અચાનક પંજાબના આદમપુર એરબેઝ પર પહોંચ્યા હતા. અહીં તેમણે ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને જવાનો સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદી સાથેની મુલાકાત દરમિયાન જવાનોનો 'જોશ' ખૂબ 'હાઈ' જોવા મળ્યો હતો. તેમણે જવાનો સાથે થોડી પળો વિતાવી અને તેમની સાથે વાતચીત પણ કરી હતી.

# કોલકાતા એરપોર્ટ પર બોમ્બ હોવાની અફવાથી દોડધામ

(સંપૂર્ણ સમાચાર સેવા)
કોલકાતા, તા.૧૩:કોલકાતાથી મુંબઈ જતી ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ હોવાથી અફવાથી દોડધામ મચી હોવાના સમાચાર સામે આવ્યા છે. જેમાં હાલમાં એક મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે કોલકાતાથી મુંબઈ જતી ઈન્ડિગો ફ્લાઈટમાં એ સમયે અફરા-તફરી મચી ગઈ હતી જ્યારે ટેકઓફ પહેલા એક મુસાફરે ફ્લાઈટમાં બોમ્બ હોવાની વાત કરી. આ ઘટના કોલકાતા એરપોર્ટ પર બની હતી, જ્યાં સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી અને ફ્લાઈટને રોકી દીધી હતી.

આ મામલે CISF એ શંકાસ્પદ જણાતા એક મુસાફરની અટકાયત કરી છે અને તેની પૂછપરછ શરૂ કરી છે. હાલમાં, ફ્લાઈટને કોલકાતા એરપોર્ટ પર રાખવામાં આવી છે અને બોમ્બ સ્ક્વોડને એલર્ટ કરવામાં આવ્યું હતું. પ્રાથમિક માહિતીમાં બોમ્બ હોવાની પુષ્ટિ થઈ નથી, પરંતુ સુરક્ષા હેતુઓ માટે તમામ પ્રોટોકોલનું પાલન કરવામાં આવી રહ્યું છે.

# ઘરે પાછા ફરવાની ઉતાવળ ન કરોઃ J&K પોલીસની અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા.૧૩

જમ્મુ અને કાશ્મીર પોલીસે રવિવારે સરહદી ગામોના સ્થળાંતર કરી ગયેલા લોકોને ઉતાવળ કરીને ઘરે પાછા ન ફરવા અને સલામત સ્થળોએ રહેવા અપીલ કરતાં જણાવ્યું હતું કે આ વિસ્તારો હજુ સુધી સંપૂર્ણપણે સુરક્ષિત થયા નથી. અહીંથી પાકિસ્તાનદ્વારા છોડવામાં આવેલો દારૂગોળો હજુ પણ હોઈ શકે છે.અંકુશરેખા પર પાકિસ્તાનના ભારે ફાયરિંગને કારણે બારામુલ્લા, બંદીપુરા અને કુપવાડા જિલ્લાઓના સરહદી ગામોના આશરે ૧.૨૫ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યાં હતાં.પોલીસે એક એડવાઈઝરી જારી કરી જણાવ્યું હતું કે ફ્રન્ટલાઈન ગામડાઓમાં પાછા ન ફરો.

પાકિસ્તાની ગોળીબાર પછી વણશોધાયેલ દારૂગોળો રહી ગયો હોવાની શક્યતા હોવાથી જીવન સામે જોખમ ઊભું થઈ શકે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં દારૂગોળાને શોધવા અને તેનો નિકાલ કરવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ મોકલવામાં આવશે.

ગામડાઓમાં પરત જવાની ઉતાવળ કરતાં લોકો પરના સંભવિત જોખમની માહિતી આપતા એડવાઈઝરીમાં જણાવ્યું હતું કે ૨૦૨૩માં અંકુશરેખા પર રહી ગયેલા દારુગોળાના વિસ્ફોટથી આશરે ૪૧ લોકોના મોત થયા હતાં.ભારતે ૨૨ એપ્રિલના પહેલગામ આતંકી હુમલાનો બદલો લેવા ઓપરેશન સિંદૂર હાથ ધર્યું તે પછી પાકિસ્તાનની આર્મીએ કરેલા ફાયરિંગમાં કુલ ૨૫ લોકોના મોત થયાં હતાં અને આશરે ૫૦ લોકો ઘાયલ થયાં હતાં. પૂંછ જિલ્લામાં સૌથી વધુ ૧૮ લોકોના મોત થયાં હતાં. ઓપરેશન સિંદૂરના ચાર દિવસ પછી ભારત અને પાકિસ્તાને શનિવારે તાત્કાલિક અસરથી જમીન, હવા અને સમુદ્ર પર તમામ ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સમજૂતી કરી હતી. જોકે આ સમજૂતીના થોડા કલાકમાં જ પાકિસ્તાને તેનો ભંગ કર્યો હતો.

# યુક્રેન સાથે ૧૫ મેના રોજ તૂર્કીમાં વાતચીત કરવા પુતિનો પ્રસ્તાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મોસ્કો, તા.૧૩

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને ઘણો સમય વીતી ગયો છે, પરંતુ આ યુદ્ધ હજુ પણ ચાલુ છે. જોકે, હવે લગભગ ત્રણ વર્ષ પછી રશિયાએ આ યુદ્ધને સમાપ્ત કરવા તરફ એક પગલું ભર્યું છે. રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને કોઈ પણ પૂર્વશરત વગર ૧૫ મેના રોજ યુક્રેન સાથે સીધી વાતચીતનો પ્રસ્તાવ મૂક્યો છે. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીએ આ અંગે ખુશી વ્યક્ત કરી છે અને તેને સકારાત્મક સંકેત ગણાવ્યો છે. જોકે, ઝેલેન્સકીએ કહ્યું કે, શાંતિ મંત્રણા શરૂ થાય તે પહેલાં યુદ્ધવિરામ થવો જોઈએ.પુતિને મીડિયાને આપેલા નિવેદનમાં ૧૫ મેના રોજ ઈસ્તંબુલમાં યુક્રેન સાથે સીધી વાતચીત ફરી શરૂ કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. યુદ્ધવિરામ અને યુદ્ધવિરામનું પાલન કરવામાં કિવના ખરાબ રેકોર્ડનો ઉલ્લેખ કરીને પુતિને યુક્રેન પર આરોપ મૂક્યો હતો. પુતિનના નિવેદન અંગે ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'આ એક સકારાત્મક સંકેત છે કે રશિયાએ આખરે યુદ્ધ સમાપ્ત કરવાનું વિચારવાનું શરૂ કર્યું છે. દુનિયા લાંબા સમયથી આની રાહ જોઈ રહી છે અને કોઈપણ યુદ્ધને ખરેખર સમાપ્ત કરવા માટેનું પ્રથમ પગલું યુદ્ધવિરામ છે. અમને અપેક્ષા છે કે રશિયા ૧૨ મે સુધીમાં સંપૂર્ણ, કાયમી યુદ્ધવિરામ માટે તૈયાર થઈ જશે.' વ્લાદિમીર પુતિને યુદ્ધવિરામ પર રશિયાનું વલણ સ્પષ્ટ કરતા કહ્યું કે રશિયાએ વારંવાર યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ યુક્રેન અને પશ્ચિમી દેશોએ તેને અવગણ્યું હતું. આ સાથે તેમણે દાવો કર્યો હતો કે એક સમયે બંને દેશોએ એક સંયુક્ત ડ્રાફ્ટ પણ તૈયાર કર્યો હતો, જેને પશ્ચિમી દબાણ હેઠળ કિવ દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો. દરમિયાન, રશિયા દ્વારા જાહેર કરાયેલ ૭૨ કલાકનો એકપક્ષીય યુદ્ધવિરામ રવિવારે સમાપ્ત થઈ ગયો, ત્યારબાદ પુતિને યુક્રેન પર આરોપ લગાવ્યો કે આ સમયગાળા દરમિયાન રશિયા સાથેની કિવની સરહદ પર પાંચ વખત હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેન સાથે રશિયાની વાતચીતની ઓફરને બંને દેશો માટે એક મહાન દિવસ ગણાવ્યો.

# પંજાબમાં લઠ્ઠાકાંડઃ ઝેરી દારૂના કારણે ૧૪ના મોત, પાંચની હાલત ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમૃતસર, તા.૧૩

પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠામાં સોમવારે રાત્રે ઝેરી દારૂ પીવાથી 14 લોકોના મોત થયા છે. જ્યારે 5ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મોટાભાગના મૃતકો ભાંગલી અને મરારી કલાન ગામના રહેવાસી છે. મજીઠા પોલીસ સ્ટેશનના એસએચઓ અવતાર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી 10થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.' અમૃતસરના એસએસપી મનીન્દર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થયા છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે પ્રભજીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. જે ઝેરી દારૂ સપ્લાય કરવા પાછળનો મુખ્ય સૂત્રધાર છે. તેમની સામે એક્સાઈઝ એક્ટની કલમ 105 BNS અને 61A હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ

સંપર્ક નંબર :૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૯/૨૦૨૫ તા.૧૩/૦૫/૨૦૨૫

**જાહેર નોટીસ**

વાદીઃ- ભાયજનભાઈ ભીખુભાઈ ભોયા રહે. કુરગામ, મદન ફ., તા. ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, કુરગામ**

**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ભાયજનભાઈ ભીખુભાઈ ભોયાના** માતા **સીતુબેન ભીખુભાઈ ભોયાનું** અવસાન તા.૨૭/૦૯/૧૯૯૨નાં રોજ કુરગામ ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/-
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધરમપુર

## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૩૬૭/૨૦૨૪

અરજદાર :- ભાણાભાઈ રામાભાઈ નાયકા
રહે. પંચલાઈ પારસી ફળિયા તા.પારડી

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી પંચલાઈ
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભાણાભાઈ રામાભાઈ નાયકા**, રહે. પંચલાઈ પારસી ફળિયા તા.પારડી જી.વલસાડનાએ તેઓના બહેન **વનિતાબેન રામાભાઈ નાયકા**નો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ ના રોજ મોજે- પંચલાઈ તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૧/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૬૭-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહી/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૨૫/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૫/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી લીલાવતી છોટુભાઈ લાડ તે કીરીટભાઈ લાડની પત્ની,**
**રહે.** સી-૩૦૧, સ્વસ્તિક એવેન્યુ, ચીખલી રોડ, આઈ.ટી.આઈ. બીલીમોરા, આંતલિયા, તા.ગણદેવી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સાદડવેલ, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લીલાવતી છોટુભાઈ લાડ**, રહે. સી-૩૦૧, સ્વસ્તિક એવેન્યુ, ચીખલી રોડ, આઈ.ટી.આઈ. બીલીમોરા, આંતલિયા, તા. ગણદેવી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૭ના રોજ મોજે. સાદડવેલ, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## મિતેશ પટેલ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ચીખલીની કોર્ટમાં

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૨/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૫/૦૩/૨૦૨૫**

**વાદી : શ્રી અનિલભાઈ અંબુભાઈ ગોહિલ,**
**રહે.** દોણજા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દોણજા, તા.ચીખલી જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અનિલભાઈ અંબુભાઈ ગોહિલ**, રહે. દોણજા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો દાદાશ્રી **સ્વ. દુર્લભભાઈ પ્રેમાભાઈ ગોહિલનું** મરણ તા.૨૧/૧૦/૧૯૯૨ના રોજ મોજે. દોણજા, તા. ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી




## કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૩૨૮/૨૦૨૪

અરજદાર :- જયમતીબેન મકનભાઈ ટંડેલ
રહે. ડાયમંડ ફળિયા ઉમરસાડી માછીવાડ તા.પારડી

**વિરૂધ્ધ**

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી ઉમરસાડી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયમતીબેન મકનભાઈ ટંડેલ**, રહે. ડાયમંડ ફળિયા ઉમરસાડી માછીવાડ તા.પારડી જી.વલસાડનાએ તેઓના પુત્રી **ગીતાબેન મકનભાઈ ટંડેલ**નો જન્મ તા.૨૯/૦૫/૧૯૮૨ ના રોજ મોજે- ઉમરસાડી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૨૮-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહી/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૧૮/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી મિનેષભાઈ મીઠ્ઠલભાઈ પટેલ,**
**રહે.** રૂમલા, મંગળપાડા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રૂમલા, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મિનેષભાઈ મીઠ્ઠલભાઈ પટેલ**, રહે. રૂમલા, મંગળપાડા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૯ના રોજ મોજે. રૂમલા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૦૦/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી નિર્મળાબહેન ધીરજસિંહ પરમાર,**
**રહે.** ચાપલધરા, ડુંગરી ફળિયા, તા.વાંસદા, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કુકેરી, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નિર્મળાબહેન ધીરજસિંહ પરમાર**, રહે. ચાપલધરા, ડુંગરી ફળિયા, તા.વાંસદા, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૦૭/૦૯/૧૯૬૯ના રોજ મોજે. કુકેરી, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## મિતેશ પટેલ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ચીખલીની કોર્ટમાં

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૫/૦૩/૨૦૨૫**

**વાદી : શ્રી અનિલભાઈ અંબુભાઈ ગોહિલ,**
**રહે.** દોણજા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દોણજા, તા.ચીખલી જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અનિલભાઈ અંબુભાઈ ગોહિલ**, રહે. દોણજા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો દાદીશ્રી **સ્વ.જીવી દુર્લભભાઈ ગોહિલનું** મરણ તા.૧૩/૦૩/૧૯૯૨ના રોજ મોજે. દોણજા, તા. ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી







## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૭/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી દિપ્તીબેન બાબુભાઈ પટેલ તે હસમુખભાઈ પટેલની પત્ની,**
**રહે.** રૂમલા, બરડીપાડા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રૂમલા, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **દિપ્તીબેન બાબુભાઈ પટેલ**, રહે. રૂમલા, બરડીપાડા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૨૫/૦૯/૧૯૭૫ના રોજ મોજે. રૂમલા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૨૧/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી રાજશ્રીબેન રમેશભાઈ પટેલ તે પ્રવિણકુમારની પત્ની,**
**રહે.** આમધરા, પહાડ ફળિયા, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : મામલતદારશ્રી ચીખલી, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રાજશ્રીબેન રમેશભાઈ પટેલે**, રહે. આમધરા, પહાડ ફળિયા, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પોતાનો જન્મ તા.૧૨/૧૨/૧૯૬૩ના રોજ મોજે. વાંઝણા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## મિતેશ પટેલ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ચીખલીની કોર્ટમાં

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૧/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૨૫/૦૩/૨૦૨૫**

**વાદી : શ્રી અનિલભાઈ અંબુભાઈ ગોહિલ,**
**રહે.** દોણજા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, દોણજા, તા.ચીખલી જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અનિલભાઈ અંબુભાઈ ગોહિલ**, રહે. દોણજા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓનો કાકાશ્રી **સ્વ. લાલજી દુર્લભભાઈ ગોહિલનું** મરણ તા.૦૯/૦૭/૧૯૯૫ના રોજ મોજે. દોણજા, તા. ચીખલી જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

Department of Land Acquisition- Dadra and Nagar Haveli

**NOTICE**

Purpose: Preliminary Notification U/s 11 of the RFCTLARR Act, 2013 for Development of High-end Resort at Dudhani Village, D&NH.

Village: Naroli.

Preliminary Notification U/s 11 No. LAQ/Dudhani Resort/2023/231 Dated: 09/05/2025.

Note: Details can be downloaded from: https://storage2.me-qr.com/pdf/530f8c4e-5996-4ec5-af6f-280d4cc86efd.pdfor by scanning the QR code

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

**NO.: IP/DMN/2/5/2025-26/450 DATED : 12/05/2025**

## મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૨૬૬/૨૦૨૪

**અરજદાર : સુમિત્રાબેન ભાનુભાઈ પટેલ,**
**રહે.** નિશાળ ફળિયું ભાગલ તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગલ,**
**તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **સુમિત્રાબેન ભાનુભાઈ પટેલ**, રહે. નિશાળ ફળિયુ ભાગલ, તા.જી.વલસાડએ તેમના પોતે સુમિત્રાબેન ભાનુભાઈ પટેલનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૧ના રોજ મોજે ભાગલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૨/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/જન્મ/રજી.નં.૨૬૬/૨૦૨૪**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩૫/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી બાબુભાઈ ઉકાભાઈ પટેલ,**
**રહે.** રૂમલા, નિશાળ ફળિયા, તા.ચીખલી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, રૂમલા, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બાબુભાઈ ઉકાભાઈ પટેલ**, રહે. રૂમલા, નિશાળ ફળિયા, તા.ચીખલી જી.નવસારીનાઓએ તેઓના પુત્ર **રાકેશકુમાર બાબુભાઈ પટેલ**નો જન્મ તા.૧૦/૦૭/૧૯૮૦ના રોજ મોજે. રૂમલા, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

## પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪
ઈ-મેઈલ - pochikhli2011@gmail.com

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૧૩૪/૨૦૨૫**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૧૭/૦૪/૨૦૨૫**

**વાદી : શ્રી લાડુબેન છોટુભાઈ પટેલ તે ભગાભાઈ પટેલની પુત્રી,**
**રહે.** વંકાલ વાણીયા તળાવ ફળિયા, તા.ચીખલી જી.નવસારી
હાલ રહે, ગણદેવી, કાતરકવીલા ફળિયા, તા.ગણદેવી જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વંકાલ, તા.ચીખલી, જી. નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લાડુબેન ભગાભાઈ પટેલ**, રહે. મુળ રહે, વંકાલ વાણીયા તળાવ ફળિયા, તા.ચીખલી જી.નવસારી, હાલ રહે, ગણદેવી, કાતરકવીલા ફળિયા, તા. ગણદેવી જી.નવસારીનાઓએ તેઓના માતાશ્રી સ્વ. મહલીબેન ભગાભાઈ પટેલનું મરણ તા.૩૦/૦૬/૧૯૮૬ના રોજ મોજે. વંકાલ, તા. ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

**NOTICE INVITING TENDER**

Name of work :- "Implementation of Road Information System & Project Management Platform (RISPMP) Silvassa."

| | |
|---|---|
| Tender Notice No. | : 01 of 2025-26 |
| On line downloading start of tender documents | : 09.05.2025 18.55 Hrs |
| Pre Bid Meeting | : 13.05.2025 12.00 Hrs |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | : 23.05.2025 12.00 Hrs |
| Online Opening of Technical Bid | : 23.05.2025 15.30 Hrs |
| On line opening of Price Bid | : 23.05.2025 16.00 hrs. (if possible) |
| Tender ID No. | 2025_UTDNH_7575_1 |
| Outward No. | :3-2(18)/PWD.II/Road/214 dt:09.05.2025 |

For details please scan
dnhtenders.gov.in
ee-road-dnh.nic.in
0260 2642041

**NO.: IP/DMN/2/5/2025-26/451 DATED : 12/05/2025**



દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 14, May 2025

# દમણગંગા ટાઈમ્સ

VIMAL ENTERPRISE

શું તમે ગળતા ટેરેસ, બાથરૂમ લીકેજ તથા દિવાલમાંથી આવતા ભેજના લીધે પરેશાન છો ? તો ચિંતા નહિ!

આવી ગયું છે હવે, ''વિમલ એન્ટરપ્રાઈઝ'' જે તમને આધુનિક મશીન તથા ગેરંટી સાથે વોટરપ્રુફિંગ કરી આપવામાં આવશે

Mo. 9374135780

CONTACT:RAMBHAI KUSHWAHA.

Address: ઓફિસ નંબર 73 શિવ પૂજા સોસાયટી નંદાવલા વલસાડ-396001

## વાપી ટાઉનમાં એસબીપીપી બેંકના નવા એટીએમનું ઉદ્દઘાટન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૩ :** વલસાડ જિલ્લાની જીવાદોરી સમાન બેંક એટલે એસબીપીપી કો-પરેટીવ બેંકની વાપી ટાઉનના મુખ્ય બજારમાં આવેલ શાખામાં આજે સવારે ૧૧:૦૦ કલાકે બેન્કના ચેરમેન જીતેન્દ્રકુમાર દેસાઇના હસ્તે એટીએમનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. બેન્ક હાલમાં ઊતરોતર પ્રગતિ કરતી જાય છે. જેમાં આ એક વધુ યશકલગી ઉમેરવાથી વાપી ટાઉન એરીયામાં જ્યાં એટીએમની સંખ્યા ખૂબ જ ઓછી હોય આ એટીએમનો ગ્રાહકો વધુમાં વધુ ઉપયોગ કરશે એજ આશયથી બેન્ક દ્વારા આ એટીએમની સવલત ગ્રાહકો માટે ચાલુ કરવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે બેન્કે તા.૩૧-૦૩-૨૦૨૫ના રોજ સૌથી હાઈએસ્ટ નફો તથા ૧૦૦૦ કરોડની ડિપોઝિટનું સોપાન સર કર્યું છે. આજે એટીએમ સેન્ટરના ઉદ્ઘાટન પ્રસંગે બેંકના ચેરમેન જીતેન્દ્રભાઈ દેસાઈની સાથે બેંકના ડિરેક્ટર ચેરમેન પારૂલબેન પરેશભાઈ દેસાઈ, માજી ચેરમેન અને ડિરેક્ટર અજયભાઈ સી. શાહ, માજી ચેરમેન અને ડિરેક્ટર દિલીપભાઈ દેસાઈ, મિતેશભાઈ દેસાઈ, દર્પણભાઈ દેસાઈ, અમિતભાઈ દેસાઈ તેમજ બેંકના મેનેજિંગ ડાયરેક્ટર ડો. સિદ્ધાર્થભાઈ શુક્લા, આસિસ્ટન્ટ જનરલ મેનેજર નિલયભાઈ દેસાઈ, વાપી ટાઉન બ્રાન્ચના મેનેજર હિતેશભાઈ દેસાઈ તેમજ બેંકના અન્ય કર્મચારીઓ તથા બેંકના માજી કર્મચારીઓ અને ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને બેંક દ્વારા શરૂ કરવામાં આવેલી એટીએમ સેન્ટરની સુવિધાનો લાભ બેંકના ગ્રાહકોને મળતો રહે તે અંગે આશા વ્યક્ત કરી છે.

## ચણવાઈમાં વહેમ રાખી પિતા-પુત્રને ઢીબી નાંખ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** તેં તારી રિક્ષામાં મારા વિરોધમાં કેમ છોકરીને ફરિયાદ કરવા માટે લઈ ગયો તેમ કહી વલસાડના ચણવાઈ ગામે યુવાને રીક્ષા ચાલક પિતા પુત્રોને લાકડા વડે માર મારતા બંને શરીરે ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વલસાડ ને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

વલસાડ તાલુકાના નાની ગામ પંચાયતના પાછળ સરવણ પઠાણ ઉમર વર્ષ ૪૦ પોતાના પરિવાર સાથે રહે છે. સરવણ પઠાણનો મોટો દીકરો સાંકીદ ઉ.વ. ૨૪ ડ્રાઈવિંગ કરે અને નાના સોહિલ ઉંમર વર્ષ ૨૨ ગેરેજમાં નોકરી કરે છે. પડોશમાં રહેતો વિરલ ઉર્ફે ડુટીયા રવિન્દ્રભાઈ પટેલ ગતરોજ એમના ઘરે આવ્યો હતો. સરવણ પઠાણને જણાવેલ તુએ કેમ તારી રિક્ષામાં કાલે સુનિલની છોકરીને ફરિયાદ આપવા માટે લઈ ગયો હતો એમ કહીને તેની સાથે ગાળા ગાળી કરીને લાકડા વડે માર મારી ત્યાંથી તેઓ ભાગી છુટ્યો હતો. ઈજા પામેલા સાહિલ અને સોહીલ તેમજ તેમના પિતા સરવણ પઠાણ મેં ઈજા થતા ૧૦૮ એબોલન્સ મારફતે વલસાડની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ચોમાસા પૂર્વે તુટેલા ફુટેલા ગટરના બ્લોક બદલવા જરૂરી

## નાની દમણમાં તુટેલી ફૂટપાથની ગટરમાં મહિલા ખાબકી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૩ :** નાની દમણમાં મંગળવારે ફૂટપાથ પર ગટરમાં બ્લોક તૂટી જતાં એક મહિલા ખાડામાં પડી ગઈ. જેના કારણે તેણી ઘાયલ થઈ ગઈ. હાલમાં મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

આ ઘટના નાની દમણના અંબિકા સુપર માર્કેટની સામે બની હતી. સાંજે ૫ વાગ્યાની આસપાસ જ્યારે એક મહિલા ફૂટપાથ પર ચાલી રહી હતી. મંગળવારે. અચાનક ફૂટપાથનું ઢાંકણ તૂટી ગયું અને મહિલા ગટરમાં પડી ગઈ. જેમાં મહિલાને પગમાં ગંભીર ઈજા થઈ છે. જ્યારે મહિલા ગટરમાં પડી ગઈ, ત્યારે નજીકમાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ. સ્થાનિક લોકોએ ૧૦૮ પર ફોન કર્યો અને એમ્બ્યુલન્સની મદદથી મહિલાને મોતી દમણ સીએચસીમાં દાખલ કરવામાં આવી. મહિલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

### ગ્રામ પંચાયતના જ પરિસરમાં પંચાયતના સાઈનબોર્ડમાં વીજ કરંટ પ્રસરતા અકસ્માત

## અંબાચમાં બોર્ડમાં કરંટ ઉતારતાં આંગણવાડી હેલ્પર મહિલાનું મોત

### અઢી વર્ષથી આંગણવાડીનું નવું મકાન બનીને તૈયાર હોવા છતાં ઉદ્દઘાટનના રાજકારણમાં નિર્દોષ મહિલાએ જીવ ગુમાવ્યો : બાળકો પર પણ એટલું જ જોખમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** અંબાચ ગામે આંગણવાડીના હેલ્પર મહિલાને ગામ પંચાયતના લગાવવામાં આવેલ લોખંડના સાઈનબોર્ડમાંથી ઉતરતા વીજ કરંટ લાગતા મહિલા હેલ્પર ગીતાબેન પટેલનું ઘટના સ્થળે જ મોત થવા પામ્યું હતુ જેને લઈ સમગ્ર કામમાં ભરે ગમગીની છવાઈ જવા પામી હતી.

આધાર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અંબાચ ગામે જૂની ગામ પંચાયત કચેરી પાસે છેલ્લા બે વર્ષથી વધુ સમયથી ગામમાં આંગણવાડીનું મકાન ન હોવાને કારણે ગામ પંચાયતના હોલમાં આંગણવાડીના બાળકોને બેસાડી ભણાવવામાં આવી રહ્યા છે ત્યારે આજે આ આંગણવાડીમાં હેલ્પર તરીકે કામ કરતી મહિલા ગીતાબેન વિજયભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૪ રહે આમલી ફળિયા અંબાજી ને ૧૧ ૪૫ કલાકે આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને નાસ્તો કરાવી વધેલો અને કચરો ફેંકવા માટે ગામ પંચાયત કચેરીની બહાર પહોંચ્યા હતાં. તે દરમિયાન તેમણે દરેક ગામ પંચાયત ખાતે ગાંધી જયંતી એ લગાવેલ લોખંડના સાઈન બોર્ડના પોલને હડકતા તેને તેમાં ઉતરતો વીજ પ્રવાહ લાગતા તેનું ઘટના સ્થળ જ મોત થઈ જવા પામ્યું હતું. જોકે આ ઘટના બનતા તેના અન્ય સાથે મહિલાએ તેને વીજ કરંટ લાગતા થાંભલામાંથી બચાવવા જતા તેને પણ વીજ કરંટ લાગતા તે ફેકાઈ જવા પામી હતી જોકે ઘટનાને લઇ સમગ્ર ગામમાં વહીવટી તંત્ર સામે ફિટકાર વરસાવાઈ રહી છે. ઘટના બાદ ગામજનોના જણાવ્યા મુજબ ગામમાં છેલ્લા અઢી વર્ષથી આંગણવાડીનું મકાન બનીને તૈયાર થઈ ગયું છે. પરંતુ કોઈ કારણસર આ મકાનનું લોકાર્પણ નહીં કરવામાં આવતા આજે આ મહિલાનો જીવ ગુમાવવા પડ્યો છે. જોકે ઘટના બાદ તાત્કાલિક પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને મહિલાની લાશનો કબજો લઈ ઉદવાડા ખાતે પીએમ કરાવી અકસ્માત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પારનેરા પારડી હાઈવે પરથી દારૂ સાથે બે ઝડપાયા

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ એલસીબી પોલીસની ટીમ હાઈવે ઉપર પેટ્રોલિંગમાં ફરતી હતી. તે દરમિયાન બાતમી મળેલ કે કારમાં દારૂ સુરત તરફ લઈ જવાના હોય જે બાતમીના આધારે એલસીબી પોલીસની ટીમે વલસાડના પારનેરા પારડી સુગર ફેક્ટરી ઓવરબ્રિજ નેશનલ હાઈવે નંબર ૪૮ સુરત તરફ જવાના હાઈવે ઉપર વોચ ગોઠવી ઉભી હતી. તે દરમિયાન બાતમી વાળી બોલેરો કાર નંબર જીજે ૧૫ સીકયુ ૫૦૦૨ મેં અટકાવી તેની અંદર તપાસ કરતા દારૂની બાટલી ૯૩૬ કિંમત રૂપિયા ૩.૫૬ લાખ કારની કિંમત ૩ લાખ મોબાઈલ ફોન મળી કુલ ૬.૭૬ લાખના મુદ્દામાલ સાથે કાર ચાલક શક્તિસિંહ લાલુભા અક્ષરા રહે સુરેન્દ્રનગર અને જગતસિંહ મહોબતસિંહ ચાવડા રહે અમદાવાદની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર અભિષેક અને મંગાવનાર પ્રદિપસિંહને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. જે અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## દમણમાં દિશા સમિતિની બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૩ :** દમણ જિલ્લાના જિલ્લા પંચાયત ઓડિટોરિયમમાં આજે દમણ-દીવ લોકસભા મતવિસ્તારના સાંસદ ઉમેશ પટેલની અધ્યક્ષતામાં દિશા સમિતિની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ બન્યા પછી અધિકારીઓ સાથેની આ તેમની પહેલી સમીક્ષા બેઠક હતી. દિશા સમિતિ હેઠળ વિવિધ કેન્દ્ર સરકારની યોજનાઓની પ્રગતિ અને અમલીકરણની સમીક્ષા કરવામાં આવે છે. સાંસદે બેઠકમાં હાજર અધિકારીઓ પાસેથી વિસ્તારમાં ચલાવવામાં આવતી તમામ કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓની સ્થિતિ વિશે માહિતી લીધી અને તેમના વર્તમાન તબક્કાઓની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં સાંસદે ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા અંગે વાકેફ કર્યા હતાં અને કાર્યો સમયસર પૂર્ણ થાય તે માટે તાકીદ કરી હતી. સમિતિના અન્ય સભ્યોએ સૂચનો કર્યા હતાં.

## દમણગંગા ટાઈમ્સને ૨૮મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...



એક શુભેચ્છક

વાપી







## ધરમપુર તાલુકામાં સગીરા સાથે દુષ્કર્મના આરોપીને ૧૦ વર્ષની સજા અને દંડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૩ :** પાંચ વર્ષ અગાઉ ધરમપુર તાલુકાના એક ગામની ધોરણ નવમાં અભ્યાસ કરતીએ સગીરાનું અપહરણ કરી કાકડકુવા ગામે આવેલા ડુંગર ઉપર લઈ જઈ યુવાને કરાવી ધમકાવી દુષ્કર્મમાં કરવાની ઘટનામાં ધરમપુરની કોટે આરોપીને પોકસો હેઠળ દસ વરસની સજા અને ૨૬૦૦૦નો દંડ ફટકારતો મહત્વનો ચુકાદ આપ્યો છે.

ધરમપુર તાલુકાના એક ગામમાં રહેતી મહિલા તારીખ ૨૪/૬/૨૦૨૦ ના રોજ પોતાના ઘરે હતી અને પોતાનું ઘરનું કામ કરતી હતી. ત્યારે પોતાની ધોરણ નવ માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય સગીરા ડુંગર અગાળ આવેલી પોતાની જમીન આગળ ગઈ હતી. જો કે મોડે સુધી પોતાની સગીરા દીકરી ઘરે નહીં આવતા આ બપોરે તેમની માતા ડુંગર પર ગયેલ પરંતુ તેમની દીકરી ત્યાં જોવા મળી ન હતી. જેથી તેમણે ફળિયામાં તેમજ આજુબાજુ વિસ્તારમાં શોધખોળ કરવા તેમ છતાં કોઈ ભાળ મળી ન હતી. દીકરી શોધવા છતાં મળી નહીં આવતા તેમના પતિને વાત કરી અને તેઓ મજૂરી કરવા ગયા હતાં. તા.૨૫/૬/૨૦૨૦ ના રોજ સાંજે પેં૦૦ કલાકે પોતાને દીકરી ઘરે આવી ત્યારે માતાએ પૂછપરછ કરતા તેને જણાવ્યું કે જીતેંદ્ર ઉર્ફે જીતુ બાબુભાઇ કાતરા જે પોતાની બાઈક પર મને જબરજસ્તી બેસાડી લઈ જઈ કાકડ કુવા ગામે આવેલા ડુંગર પર લઈ ગયો અને ત્યારબાદ ડરાવી ધમકાવીને વારંવાર દુષ્કર્મ કર્યા બાદ તેણે પોતાની બાઈક પર આહવા લઈ ગયો હતો. આખી રાત બાઈક પર ફર્યા બાદ બીજે દિવસે પોતાના ઘરે ઉતારી ગયો હતો. જે અંગે ધરમપુર પોલીસ મથકમાં આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ કાતરા રહે. કાકડકુવા ડુંગરી ફળીયા તા.ધરમપુર જી. વલસાડ ધરપકડ કરી હતી જે અંગે નો કેસ ધરમપુર પૉક્સો ઍક્ટ કોર્ટમાં ચાલતાં બંન્ને પક્ષે દલીલો સાંભળ્યા બાદ ધરમપુરના પૉક્સો ઍક્ટ હેઠળના સ્પેશીયલ જજ એમ એ મિર્ઝાએ ૧૪ વર્ષીય બાળકી સાથે દુષ્કર્મ કરનાર આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ બાબુભાઈ કટારા પટેલ ઉંમર વર્ષ ૨૩ ને પબ્લીક ન્સિકયુંટર અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી દોષિત જાહેર કરી આઈપીસીની કલમ ૩૭૬(૨) ના ગુનામાં દસ વર્ષની સજા અને રૂ. ૧૦ હજાર દંડ તથા પોક્સો એક્ટ ની કલમ. ૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ૧૦ વર્ષની સાદી કેદની સજા અને રૂ.૧૦ હજાર દંડ, આઈપીસીની કલમ ૩૬૬ના ગુનામાં પાંચ વર્ષની સાદી કેદની સજા અને રૂ.૫ હજાર દંડ અને આઈપીસીની કલમ ૩૬૩ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા અને રૂા.૧ હજાર દંડ તેમજ ભોગ બનનાર સગીરા ગુજરાત વિક્ટિમ કોમ્પેશેશન સ્કીમ ૨૦૧૯ અંતર્ગત રૂપિયા એક લાખ વળતર ચુકવવાનો પણ હુકમ કર્યો હતો.

## સમરોલીમાં વોકીંગ પર નિકળેલો યુવક કારની અડફેટે ઈજાગ્રસ્ત

**ચીખલી, તા.૧૩ :** ચીખલી નજીકના સમરોલી ગામે રહેતો એક યુવાન રાત્રિના સમયે રોડ ઉપર ચાલવા નીકળતા જેને એક અજાણ્યા ફોરવીલર વાહન ચાલાકે પાછળથી ટક્કર મારતા યુવાનને માથાના પાછળના ભાગે તથા પગના થાપાના ભાગે ગંભીર ઈજા થતાં વધુ સારવાર માટે સુરતની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સમરોલી નવા ફળિયા ખાતે રહેતા અન્વય રમેશભાઈ પટેલ જેઓ ખેતી કામ કરે છે. જ્યારે પત્ની ખરોલી ગામે શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહી છે અન્વય પટેલ સોમવારે રાત્રિના પોણા દસેક વાગ્યાના અરસામાં રસ્તે ચાલતો હતો તે દરમિયાન કોઈ અજાણ્યો ફોરવીલર વાહન ચાલાકે પોતાની ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અન્વય પટેલને પાછળથી ટક્કર મારતા અન્વય પટેલને માથાના પાછળના ભાગે તેમજ પગના થાપાના ભાગે ગંભીર ઈજા થતાં જેને સૌપ્રથમ થાલા ગામની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે સુરત ખસેડવામાં આવ્યો છે. અંગેની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના કિરણ નાગજી કરી રહ્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**